dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 222 | AD - 2026, Jeth Sud -03 | Tuesday, Dt. 19-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બંને દેશો વચ્ચે ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કોરિડોરના વિકાસને મંજૂરી

# ભારત અને સ્વીડન વચ્ચે પાંચ મહત્વના કરાર પર હસ્તાક્ષર

ગોથેનબર્ગ,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ તેમની પાંચ દેશોની વિદેશ યાત્રાનો એક અત્યંત મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. આ વિદેશ પ્રવાસના ભાગરૂપે તેઓ રવિવારે સ્વીડનના ગોથેનબર્ગ ખાતે આયોજિત યુરોપિયન રાઉન્ડ ટેબલ ફોર ઈન્ડસ્ટ્રીમાં સહભાગી થયા હતા. આ વૈશ્વિક સ્તરના કાર્યક્રમમાં તેમની ઉપસ્થિતિ ભારતની આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી જતી મજબૂત સ્થિતિની સાક્ષી પૂરે છે. આ આંતરરાષ્ટ્રીય પ્રવાસના અગાઉના ચરણમાં વડાપ્રધાને સંયુક્ત આરબ અમીરાત અને નેધરલેન્ડ્સની પણ ઉચ્ચ સ્તરીય અને ફળદાયી મુલાકાતો લીધી હતી.૧૭ મેના રોજ યોજાયેલા આ વિશિષ્ટ અને પ્રતિષ્ઠિત કાર્યક્રમનું સહ-યજમાનપદ સ્વીડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસન અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન દ્વારા સંભાળવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ભારત અને સમગ્ર યુરોપ વચ્ચેના રાજદ્વારી અને વ્યાપારી સંબંધોના ભવિષ્યની દ્રષ્ટિએ અત્યંત મહત્વનો સાબિત થવાનો છે. આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન ભારત અને સ્વીડને વર્ષ ૨૦૨૬-૨૦૩૦ના સમયગાળા માટે એક ખૂબ જ મહત્વપૂર્ણ સંયુક્ત નિવેદન અને જોઈન્ટ એક્શન પ્લાન જાહેર કર્યો છે. આ કરારની સાથે જ બંને દેશોના પરસ્પર દ્વિપક્ષીય સંબંધોને વધુ ઊંચાઈ પર લઈ જઈને તેને સત્તાવાર રીતે 'વ્યૂહાત્મક ભાગીદારી'નો સર્વોચ્ચ દરજ્જો આપવામાં આવ્યો છે. આ આધુનિક માળખાનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશોની આર્થિક અને સુરક્ષા ક્ષમતાઓને વૈશ્વિક સ્તરે



વધુ મજબૂત કરવાનો છે, તેમજ ઉભરતી અદ્યતન ટેકનોલોજી અને ટકાઉ વિકાસના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની લાગણીઓ વ્યક્ત કરતા જણાવ્યું કે આ સકારાત્મક પરિણામો ભારત-સ્વીડન સંબંધોને એક નવી ઊર્જા, ઉત્સાહ અને ગતિ પ્રદાન કરશે. તેમણે સંપૂર્ણ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો

## ચાર દાયકા પછી વડાપ્રધાન નોર્વે પહોંચ્યા

સ્વીડનની સફળ મુલાકાત પૂર્ણ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે નોર્વેની સુંદર રાજધાની ઓસ્લો ખાતે પહોંચ્યા હતા. સમગ્ર દેશ માટે આ એક અત્યંત ગર્વની ક્ષણ છે કારણ કે આશરે ૪૩ વર્ષના લાંબા સમયગાળા પછી કોઈ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ નોર્વે યાત્રા છે. ઓસ્લો એરપોર્ટ પર ઉતરાણની સાથે જ નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરેએ પ્રોટોકોલ તોડીને વડાપ્રધાન મોદીનું ખૂબ જ આદરપૂર્વક અને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાને તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં નોર્વે આગમનની માહિતી આપતા વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરેના આ અદભુત સ્વાગત બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ચાર દાયકાથી વધુ સમય પછી થઈ રહેલી આ પ્રથમ ભારતીય વડાપ્રધાનની નોર્વે યાત્રા ભારત-નોર્વેની પરંપરાગત મિત્રતાને એક નવી ઊર્જા અને મજબૂતી આપશે. પોતાની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી નોર્વેના કિંગ હેરાલ્ડ પંચમ અને ક્વીન સોન્યા સાથે પણ એક ખાસ મુલાકાત કરશે. આ ઉપરાંત, તેઓ વડાપ્રધાન સ્ટોરે સાથે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લેશે, જેમાં બંને દેશો વચ્ચેના ભવિષ્યના વ્યૂહાત્મક, આર્થિક અને પર્યાવરણીય સંબંધોની રૂપરેખા તૈયાર કરવામાં આવશે.

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રક-કન્ટેનર વચ્ચે અકસ્માતમાં ૧૨ના મોત

મુંબઈ,તા.૧૮

મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર સોમવારે એક કાળજું કંપાવનારી દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં એક ટ્રક અને કન્ટેનર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ભીષણ અકસ્માતમાં ટ્રકમાં સવાર ૧૨ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા, જ્યારે ૨૦ થી ૨૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે.



મળતી માહિતી મુજબ, ડહાણુ તાલુકાના બાપુગામથી ૧૦૦ કરતા વધુ લોકો એક સગાઈના પ્રસંગમાં હાજરી આપવા માટે ટ્રકમાં સવાર થઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન પાલઘર જિલ્લાના ધાનીવરી ગામ પાસે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક કન્ટેનર સાથે ટ્રકની સામસામે પ્રચંડ ટક્કર થઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રક અને કન્ટેનર બંને રોડ પર પલટી ગયા હતા, જેના કારણે ટ્રકનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને અનેક લોકો ગાડી નીચે દબાઈ ગયા હતા.

મૃતકો અને ઈજાગ્રસ્તોમાં મહિલાઓ અને નાના બાળકો પણ સામેલ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને હાઈવે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ફસાયેલા લોકોને બહાર કાઢીને સારવાર માટે કાસા સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કરીને મૃતકોના પરિવારોને ૫ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.

# એપ્રિલમાં ભારતની રત્નો અને ઝવેરાતની નિકાસમાં ૯% અને સોનાના દાગીનામાં ૨૧.૭૭% ઘટાડો

નવી દિલ્હી,તા.૧૮

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૂરાજકીય તણાવ અને સંઘર્ષના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાતા, એપ્રિલ મહિનામાં ભારતની રત્નો અને ઝવેરાતની નિકાસમાં ૯.૦૭% નો નોંધપાત્ર ઘટાડો થયો છે. 'જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ' (GJEPC) ના જણાવ્યા અનુસાર, આ વર્ષે એપ્રિલમાં નિકાસ ઘટીને ૨,૨૨૬.૪ મિલિયન યુએસ ડોલર (રૂ. ૨૦,૮૨૫.૦૧



કરોડ) થઈ છે, જે ગયા વર્ષે ૨,૪૪૮.૫ મિલિયન યુએસ ડોલર હતી.

કાઉન્સિલના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું કે, અમેરિકામાં ટેરિફ અંગેની અસ્પષ્ટતાની પણ નિકાસ પર નકારાત્મક અસર પડી છે. આ દરમિયાન કટ અને પોલિશ્ડ હીરાની નિકાસમાં ૧૯.૬૫% અને લેબ-ગ્રોન હીરાની નિકાસમાં ૧૫.૫૩% નો ઘટાડો નોંધાયો છે. સોનાના દાગીનાની નિકાસ ૨૧.૭૭% ઘટીને ૮૪૧.૫ મિલિયન ડોલર થઈ છે, જેમાં સામાન્ય સોનાના દાગીનાની નિકાસમાં ૪૭.૦૬% નો મોટો ઘટાડો જોવા મળ્યો છે.

જોકે, આ મંદી વચ્ચે રાહતના સમાચાર એ છે કે ચાંદીના દાગીનાની નિકાસમાં ૪૪.૪% નો મોટો ઉછાળો આવ્યો છે, જે વધીને ૨૬૮.૩ મિલિયન યુએસ ડોલર થઈ ગઈ છે.

### ૨૧ સભ્યોના મંત્રીમંડળની રચના સાથે

# વી.ડી. સતીસને કેરલમના મુખ્યમંત્રી પદના શપથ લીધા

તિરુવનંતપુર,તા.૧૮

વી.ડી. સતીસને કેરળના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. તિરુવનંતપુરમના સેન્ટ્રલ સ્ટેડિયમમાં યોજાયેલા ભવ્ય સમારોહમાં રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિત અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ અને વિપક્ષી નેતાઓ



હાજર રહ્યા હતા. ૬૦ વર્ષ બાદ સમગ્ર યુડીએફ (UDF) મંત્રીમંડળે એકસાથે શપથ લીધા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મીડિયા દ્વારા સીએમ સતીસનને અભિનંદન પાઠવ્યા છે.

૧૪૦ સભ્યોની કેરળ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની આગેવાની હેઠળના યુડીએફ ગઠબંધને ૧૦૨ બેઠકો સાથે બહુમતી મેળવી છે. સતીસનની ૨૧ સભ્યોની નવી કેબિનેટમાં વૈવિધ્ય જોવા મળે છે, જેમાં ૧૪ નવા ચહેરાઓ, બે મહિલાઓ અને અનુસૂચિત જાતિ (SC) સમુદાયના બે મંત્રીઓનો સમાવેશ થાય છે. બેઠકોની વહેંચણી મુજબ, કોંગ્રેસ ક્વોટામાંથી ૧૨ મંત્રીઓ અને મુસ્લિમ લીગમાંથી ૫ મંત્રીઓ ઉપરાંત અન્ય સાથી પક્ષોને પ્રતિનિધિત્વ મળ્યું છે. રમેશ ચેન્નીથલા, કે. મુરલીધરન અને પી. કે. કુન્હાલીકુટ્ટી જેવા વરિષ્ઠ નેતાઓ કેબિનેટમાં સામેલ છે. વરિષ્ઠ ધારાસભ્ય તિરુવંચુર રાધાકૃષ્ણન વિધાનસભાના સ્પીકર અને શનિમોલ ઉસ્માન ડેપ્યુટી સ્પીકર બનશે.

મુખ્યમંત્રી વડસેરી દામોદરન સતીસનનો જન્મ ૧૯૬૪માં કોચીમાં થયો હતો. તેઓ કાયદાના નિષ્ણાત છે અને તેમણે એલએલએમ સુધીનો અભ્યાસ કર્યો છે. વિદ્યાર્થી રાજકારણથી કારકિર્દીની શરૂઆત કરનાર સતીસન હાઈકોર્ટના વકીલ તરીકે ૧૦ વર્ષ કાર્યરત રહ્યા બાદ ચૂંટણી રાજકારણમાં સક્રિય થયા હતા અને તેમને જમીની સ્તરના મજબૂત નેતા માનવામાં આવે છે.

# નીટ પેપર લીક કેસ મામલે લાતુરમાંથી કોચિંગ સંચાલકની CBI દ્વારા ધરપકડ


મુંબઈ,તા.૧૮

પેપર લીક કેસમાં મોટી કાર્યવાહી કરતા સીબીઆઈએ મહારાષ્ટ્રના લાતુરથી 'રેણુકાઈ કેમિસ્ટ્રી ક્લાસીસ' ના સંચાલક શિવરાજ રઘુનાથ મોટેગાંવકરની ધરપકડ કરી છે. રવિવારે પાડેલા દરોડા દરમિયાન આરોપીના મોબાઈલ ફોનમાંથી નીટ યુજી (NEET-UG ૨૦૨૬) પરીક્ષાનું લીક થયેલું પ્રશ્નપત્ર મળી આવ્યું હતું. સીબીઆઈના જણાવ્યા અનુસાર, આરોપી પરીક્ષા પહેલાં પ્રશ્નપત્ર અને જવાબો મેળવી તેને વહેંચનારી સંગઠિત ગેંગનો સક્રિય સભ્ય હતો. આ કેસમાં સીબીઆઈ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.







# મહેશ કસવાળાના પ્રયાસોથી પીપરડી ગામમાં પૂર નિયંત્રણ માટે રૂ.૧.૧૪ કરોડ મંજૂર

અમરેલી,તા.૧૮

સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે ગામ અને આસપાસના ખેતીલાયક વિસ્તારમાં વર્ષોથી પૂર અને પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આ ૪૦ વર્ષ જૂની મુશ્કેલીના કાયમી ઉકેલ માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સતત પ્રયાસોથી રાજ્ય સરકાર દ્વારા રૂ.૧.૧૪ કરોડના વિકાસકાર્યને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.ગામની આસપાસ આવેલી હિપાવડલી, લીંડકીયા, ખારી અને સુખવો નદીઓમાં વર્ષોથી કાંપ ભરાઈ જવાને કારણે વરસાદી પાણીનો પ્રવાહ અવરોધાતો હતો, જેના લીધે ચોમાસામાં ગામ બેટમાં ફેરવાઈ



જતું હતું. હવે મંજૂર થયેલી યોજના અંતર્ગત આ નદીઓનું ડીપનિંગ અને સફાઈ કાર્ય હાથ ધરાશે. આ સાથે જ ગામ અને ખેતરોને સુરક્ષિત રાખવા માટે પ્રોટેક્શન બંડનું રીસ્ટોરેશન કરવામાં આવશે. આ કામગીરીથી ખેડૂતોને પાકના નુકસાનમાંથી મોટી રાહત મળશે. આ મહત્વપૂર્ણ મંજૂરી બદલ ધારાસભ્યએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને જળસંપત્તિ મંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે.

# ધારીપાલિકામાંસ્વચ્છછબીનાહોદ્દેદારોનીનિમણૂંક કરવા પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાની રજૂઆત

ધારી,તા.૧૮

નવરચિત ધારી નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળ્યા બાદ, પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાએ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માને પત્ર લખીને વિસ્તૃત રજૂઆત કરી છે. તેમણે ભવિષ્યમાં ચલાલા નગરપાલિકા જેવી પ્રતિકૂળ સ્થિતિ ન સર્જાય તે માટે ભૂતકાળમાં મનમાની કરનાર કે ખરડાયેલી છબી ધરાવતા લોકોના બદલે સ્વચ્છ પ્રતિભા ધરાવતા, શિક્ષિત, નિષ્ઠાવાન અને વફાદાર કાર્યકર્તાઓને વિવિધ હોદ્દાઓ સોંપવાની અપીલ કરી છે. આ સાથે તેમણે ધારી શહેરના વિકાસ માટે પાયાની જરૂરિયાતો અને મુખ્ય પ્રશ્નોના ત્વરિત ઉકેલની માગ કરી છે. જેમાં ખોડીયાર ડેમ આધારિત પીવાના શુધ્ધ પાણીની



યોજના મંજૂર કરવી, નદી કિનારે વિશાળ રિવરફ્રન્ટનું નિર્માણ કરવું, તેમજ રેલ્વે ટ્રેક પર ઓવરબ્રિજ અને અંડરબ્રિજ બનાવવાનો સમાવેશ થાય છે. વધુમાં, તેમણે કેબીનધારકો માટે પાકી દુકાનો બનાવી દબાણ અને ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા, નવું ઓડિટોરીયમ અને ડ્રેનેજ યોજના તૈયાર કરવા, તેમજ બગીચો, સ્પોર્ટ્સ સ્ટેડિયમ અને અંડરગ્રાઉન્ડ વાયરિંગ સાથે સ્ટ્રીટ લાઈટો સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે.

# રાજુલાના જુની માંડરડી સેવા સહકારી મંડળના પ્રમુખનો ધારાસભ્યને પત્ર

અમરેલી,તા.૧૮

રાજુલાના જુની માંડરડી સેવા સહકારી મંડળીના પ્રમુખ રમેશભાઈ વસોયાએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને પત્ર પાઠવી માંગી કરી છે કે ચોમાસાની આગામી સીઝન પૂર્વે ખેડૂતોને ખેતીકામ જેમ કે ખેડ કરવા અને રોટાવેટર ચલાવવા માટે પૂરતા પ્રમાણમાં ડીઝલ મળી રહે તે જરૂરી છે. હાલમાં ડીઝલની અછતને કારણે ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે અને તેઓ પોતાનું કામ પડતું મૂકીને ડીઝલ મેળવવા દોડધામ કરી રહ્યા છે. આ સમસ્યાના ઉકેલ માટે ડીઝલ પંપ પરથી બેરલમાં ડીઝલ આપવાની વ્યવસ્થા કરવા અને ખેડૂતો માટે ડીઝલનો પૂરતો જથ્થો અનામત રાખવામાં આવે તેમ જણાવ્યું હતુ.

# વિઠ્ઠલપુર ખંભાળિયામાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી

અમરેલી, તા.૧૮

અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ખંભાળિયા ગામે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોશી અને ડીએમઓ ડો. એ.કે. સિંગના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વાંકિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંતર્ગત પીઠવાજાળ આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા એક ખાસ શિબિરનું





આયોજન થયું હતું, જેની આ વર્ષની થીમ ‘‘સમુદાયની ભાગીદારી થકી ડેન્ગ્યુ નિયંત્રણ કરીએ’’ રાખવામાં આવી હતી. શિબિરમાં સરપંચ ભાવેશભાઈ ગોંડલીયા, ઉપસરપંચ જયંતીભાઈ મકવાણા અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય ટીમ દ્વારા ગામમાં સર્વેલન્સ, એબેટ ડિસ્કાડ અને મચ્છરોના પોરા ખાતી ગપ્પી માછલીઓ મૂકવાની પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. તબીબોએ ગ્રામજનોને ઘરની આસપાસ પાણી ભરાવા ન દેવા, પાણીના પાત્રો ઢાંકીને રાખવા, દર અઠવાડિયે તેને સાફ કરવા અને મચ્છરોથી બચવા માટે આખા શરીરને ઢાંકતા કપડાં પહેરવા જેવી મહત્વની બાબતો સમજાવીને જાગૃત કર્યા હતા.

# અમરેલી આનંદનગર પરિવાર તથા તુલસી મહિલા મંડળ દ્વારા રામકથાનો પ્રારંભ

અમરેલી,તા.૧૮

અમરેલીમાં આનંદ પરિવાર તથા તુલસી મહિલા મંડળ દ્વારા આયોજીત રામકથાનો તા.૧૭ના રોજ પ્રારંભ થયો છે. કથાની પૂર્ણાહુતિ તા. ૨૫ના રોજ થશે. કથા દરમ્યાન તા.૧૯ ના રોજ શિવ-પાર્વતી વિવાહ, તા.૨૦ના રોજ શ્રી રામ પ્રાગટય ઉત્સવ, તા.૨૨ના સીતારામ વિવાહ, તા.૨૩ના રોજ ભરતમિલાપ, તા.૨૪ના રોજ હનુમંત ચરિત્ર, તા.૨૫ના રોજ રામ રાજયાભિષેક જેવા પ્રસંગો યોજાશે. કથાનો સમય રાત્રે ૮થી ૧૧:૩૦ કલાક રહેશે. કથા સ્થળઃ રામજીમંદિર પટાંગણ, આનંદનગર અમરેલી રહેશે. કથાના વકતા તરીકેઃ રવિરામ બાપુ હરિયાણી પોતાના શબ્દોથી રસપાન કરાવી રહ્યા છે.

# બગસરામાં રજૂઆત કરવા ગયેલા પ્રૌઢ સાથે વીજ કર્મચારીનું અસભ્ય વર્તન

બગસરા, તા.૧૮

બગસરા પેટા વિભાગીય પીજીવીસીએલ કચેરીનો વહીવટ તદ્દન ખાડે ગયો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. શહેરના અશોક સોસાયટી, તિરુપતિ નગર અને અમરપરા સહિતના વિસ્તારોમાં લાંબા સમયથી વીજ લોડની અનિયમિતતાથી રહીશો પરેશાન છે. અનેક લેખિત રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી ન કરાતાં ગ્રાહકોમાં ભારે રોષ છે. આ કથળેલી સ્થિતિ વચ્ચે તંત્રની જોહુકમી પણ સામે આવી છે. તાજેતરમાં જ વીજ સમસ્યા અંગે રજૂઆત કરવા ગયેલા સિનિયર સિટીઝન રાઘવભાઈ સુરાણીની અરજી સ્વીકારવાનો કર્મચારી તળાવિયાએ ઈનકાર કર્યો હતો અને તેમની સાથે અપમાનજનક તેમજ ઉદ્ધત વર્તન કર્યું હતું. આ અણછાજતા વર્તનથી વ્યથિત થઈ પ્રૌઢે ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ કરી છે. સ્થાનિકોએ વીજ પુરવઠો નિયમિત કરવા અને ગેરવર્તણૂક કરનાર કર્મચારી સામે કડક પગલાં ભરવા ઉગ્ર માંગ કરી છે.




# NCC કેમ્પમાં અમરેલીની કન્યા શાળાનો દબદબો

અમરેલી, તા.૧૮

અમરેલીમાં આવેલી શ્રી બી.એન. વિરાણી માધ્યમિક કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ બેલા ખાતે યોજાયેલા એન. સી.સી. કેમ્પમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું નામ રોશન કર્યું છે. આ કેમ્પ દરમિયાન યોજાયેલી જુદી-જુદી સ્પર્ધાઓમાં દીકરીઓએ



પોતાનું શ્રેષ્ઠ કૌશલ્ય દાખવ્યું હતું, જેમાં સોલો ડાન્સમાં પ્રથમ, ગ્રુપ ડાન્સમાં દ્વિતીય, ખો-ખોમાં દ્વિતીય અને બેસ્ટ કેડેટ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# મોટા માચીયાળા ગામેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૮

અમરેલીના મોટા માચીયાળા ગામેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો હતો. પોલીસે ૧૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૮ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# લાઠીના શેખપીપરીયા ખાતે શ્રી ભોજલરામ ના.શ.સ.મંડળીની વાર્ષિક સાધરણ સભા યોજાશે

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં બ્રાન્ચ ધરાવતી શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધરણ સભા આગામી તારીખ.૩૦ને શનિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે, પટેલ સમાજ વાડી, શેખપીપરીયા, તા.લાઠી ખાતે યોજાશે. મંડળીની વાર્ષિક સાધરણ સભા અંગે બોર્ડ ઓફ ડિરેકટરોની યાદી જણાવેલ છે કે, કોર્મના અભાવે બેઠક મુલત્વી રહેશે તો તે સ્થળે અડધો કલાક બાદ મીટીંગ મળશે, જે કાયદેસર ગણાશે. મંડળીને લગતી માહિતી કે અન્ય કોઈ બાબતની જાણકારી અંગે તા.૨૫ સુધીમાં લેખિતમાં હેડ ઓફિસમાં રજુઆત કરવાની રહેશે. તો આ વાર્ષિક સાધરણ સભામાં તમામ સભાસદોને બોર્ડ ઓફ ડિરેકટરો વતી ચેરમેન ગોરધનભાઈ ગેડીયાએ ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

**મંડળીને લગતી કોઈ માહિતી કે અન્ય કોઈ બાબતની જાણકારી માટે તા.૨૫ સુધીમાં લેખીત અરજી કરવી**









# સિંહોના અકસ્માત ઘટાડવા હાઈ-વે પર સ્ટડ લાઈટ ટેકનોલોજીનો ઉપયોગ થશે

અમરેલી,તા.૧૮

તાજેતરમાં જાફરાબાદ-રાજુલા હાઈવે પર વન્યપ્રાણી સિંહોના અકાળે થયેલા મૃત્યુની ઘટનાઓને વન વિભાગે અત્યંત ગંભીરતાથી લીધી છે. આ ગંભીર વિષય અંગે શેત્રુંજી ડિવિઝનના એસીએફ વિરલસિંહ ચાવડાએ જણાવ્યું કે જૂનાગઢ વન્યજીવ વર્તુળના સીધા માર્ગદર્શન હેઠળ એક વિશેષ યોજના ઘડવામાં આવી છે. વન વિભાગે નેશનલ હાઈવે ઓથોરિટી સાથે સંયુક્ત સ્થળ મુલાકાત કરીને એક મજબૂત એક્શન પ્લાન તૈયાર કર્યો છે. સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અત્યારે હાઈવે પર વનકર્મીઓ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવી દેવાયું છે. આ ઉપરાંત વાહનોની ગતિ મર્યાદિત કરવા માટે રમ્બલ સ્ટ્રીપ, રાત્રે ચમકતી કેટ આઈ અને વન્યજીવોની અવરજવર દર્શાવતા સાઈન બોર્ડ લગાવવામાં આવશે. માર્ગો પર ખાસ 'રોડ સેવકો' તૈનાત કરીને સિંહોના રક્ષણની કામગીરી વધુ મજબૂત કરાશે, જેથી ભવિષ્યમાં આવા ગંભીર અકસ્માતો સંપૂર્ણપણે અટકાવી શકાય.



# બાબરામાં પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી કતારાથી તંત્ર સામે ભારે રોષ

બાબરા, તા.૧૮

બાબરા શહેર સહિત સમગ્ર ગુજરાતમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસની અછતને કારણે પરિસ્થિતિ ગંભીર બની છે. વૈશ્વિક સ્તરે ચાલી રહેલી યુધ્ધની સ્થિતિના લીધે ઈંધણ પુરવઠા પર માઠી અસર થતાં ભારતમાં પણ તેની ઉપલબ્ધતા ઘટી છે. અમરેલી જિલ્લાના બાબરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો જોવા મળી રહી છે. ઈંધણનો જથ્થો મર્યાદિત હોવાથી પંપ સંચાલકો દ્વારા નિયમ મુજબ મર્યાદિત પ્રમાણમાં જ પેટ્રોલ-ડીઝલ આપવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ટ્રક ચાલકોને માત્ર રૂ. ૨,૦૦૦ થી રૂ.૩,૦૦૦ નું જ ડીઝલ મળતું હોવાથી માલવહન વ્યવસ્થા ખોરવાઈ છે. સમયસર માલસામાન ન પહોંચવાના કારણે ટ્રાન્સપોર્ટ વ્યવસાય સહિત સ્થાનિક વેપાર અને ઉદ્યોગોને મોટું નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ ચિંતાજનક પરિસ્થિતિ વચ્ચે, સ્થાનિક લોકો અને વાહનચાલકોએ સરકાર સમક્ષ તાત્કાલિક અસરથી નિયમિત ઈંધણ પુરવઠો સુનિશ્ચિત કરવાની ઉગ્ર માંગ કરી છે.



તસવીર : દિપક કનૈયા

# રાજુલા તાલુકામાં મધ્યાહન ભોજન કેન્દ્રો માટે ભરતી

**૧૦ પ્રાથમિક શાળાઓમાં સંચાલક કમ કુકની જગ્યાઓ માટે મંગાવાતી અરજીઓ**

રાજુલા,તા.૧૮

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાની વિવિધ ૧૦ પ્રાથમિક શાળાઓના પીએમ પોષણ (મધ્યાહન ભોજન) કેન્દ્રોમાં સંચાલક કમ કુકની જગ્યાઓ ખાલી હોવાથી લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. રસ ધરાવતા ઉમેદવારોએ નિર્ધારિત નમૂનાનું અરજીપત્રક રાજુલા તાલુકા મામલતદાર કચેરીની પીએમ પોષણ શાખામાંથી મેળવી લેવાનું રહેશે. આ સંપૂર્ણ ભરેલું ફોર્મ જરૂરી વિગતો સાથે આગામી ૨૫ મે, ૨૦૨૬ ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં મામલતદાર કચેરીની ટપાલ શાખામાં જમા કરાવવાનું રહેશે. સરકારના નિયમો મુજબ વયમર્યાદા અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને જ ઈન્ટરવ્યૂ માટે બોલાવાશે. વધુ માહિતી માટે કચેરીનો સંપર્ક કરવો.

# વડિયા સીએચસીમાં બાઈકમાંથી કોબ્રા દેખાતા ૧૧૨ના કર્મચારીએ પકડી પાડ્યો

વડિયા,તા.૧૮

વડિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રના વાહન પાર્કિંગમાં પાર્ક કરેલી એક મોટરસાયકલના સ્ટેરિંગ અને હેડલાઈટના ભાગમાં અચાનક એક ઝેરી કોબ્રા સાપ ઘૂસી ગયો હતો. હોસ્પિટલ જેવા ગીચ અને સંવેદનશીલ વિસ્તારમાં ઝેરી સાપ દેખાતા જ ત્યાં હાજર દર્દીઓ, સગા-સંબંધીઓ અને સ્ટાફમાં ભારે અફરાતફરી અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. આ કટોકટીના સમયે ત્યાં ફરજ પર તૈનાત '૧૧૨' ઈમરજન્સી સેવાના કર્મચારીએ સહેજ પણ ગભરાયા વિના ભારે સમયસૂચકતા અને બહાદુરી દાખવી હતી. તેમણે ભારે જહેમતથી બાઈકમાંથી કોબ્રા સાપનું સુરક્ષિત રેસ્ક્યુ કરી લેતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ આ કોબ્રા સાપને માનવ વસ્તીથી દૂર સુરક્ષિત રીતે કુદરતી વાતાવરણમાં મુક્ત કરવામાં આવ્યો હતો. હોસ્પિટલ સ્ટાફ અને સ્થાનિક લોકો દ્વારા ૧૧૨ના કર્મચારીની આ પ્રશંસનીય કામગીરીને બિરદાવવામાં આવી હતી.



# સા.કુંડલા તાલુકામાં મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલકોની ભરતી પ્રક્રિયા

સાવરકુંડલા,તા.૧૮

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાની વિવિધ ૮ પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રોમાં માનદ વેતનથી સંચાલકની ભરતી પ્રક્રિયા શરૂ થઈ છે. ૨૦ થી ૬૦ વર્ષની વય ધરાવતા અને સંબંધિત ગામના ધોરણ ૧૦ પાસ (અથવા ધોરણ ૭ પાસ) ઉમેદવારો આ માટે લાયક ગણાશે. રસ ધરાવતા ઉમેદવારોએ ૨૨ મે ૨૦૨૬ સુધીમાં સાવરકુંડલા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી નિયત અરજી ફોર્મ મેળવી લેવાનું રહેશે. ત્યારબાદ જરૂરી આધાર પુરાવાઓ સાથેનું ફોર્મ ૨૫ મે ૨૦૨૬સુધીમાં કચેરીની રજિસ્ટ્રી શાખામાં જમા કરાવવાનું રહેશે. અનાજ દળવાની ઘંટી, વકીલાત, શાકભાજી-મસાલા કે સસ્તા અનાજના વેપાર સાથે સંકળાયેલા લોકો આ માટે અરજી કરી શકશે નહીં. લાયક ઉમેદવારોને જ રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.

# ચલાલામાં સગીરાને મોટાબાપુ અને દાદાએ ઝેરી દવા પીવડાવવાની ધમકી આપી

ચલાલા, તા. ૧૮

ચલાલા શહેરમાંથી કૌટુંબિક સભ્યોની હેવાનિયત અને અત્યાચારની એક હચમચાવી દેતી ઘટના સામે આવી છે. અહીં એક સગીર વયની દીકરી અન્ય કોઈ છોકરાની એક્ટિવા પાછળ બેસીને જતી હતી, ત્યારે તેને જોઈ જતાં તેના જ સગા મોટાબાપુ અને દાદાએ ભેગા મળીને તેને બેરહેમીથી માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે સગીરાએ તેના મોટાબાપુ મનોજભાઈ તથા દાદા પ્રેમજીભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સગીરા કોઈ અજાણ્યા છોકરાની એક્ટિવા પાછળ બેસીને ક્યાંક જઈ રહી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતા તેના મોટાબાપુ મનોજભાઈ તેને જોઈ લીધી હતી. સગીરાને અન્ય યુવક સાથે જોઈ જતાં મોટાબાપુએ પ્રેમસંબંધ હોવાની શંકા કરી હતી.આરોપી મનોજભાઈએ રસ્તામાં જ તેના વાળ પકડી લીધા હતા અને બે-ત્રણ લાફા મારીને મૂઢમાર માર્યો હતો.

એટલું જ નહીં, તેમણે જાહેરમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. વાત આટલેથી ન અટકતાં, સગીરા જ્યારે ઘરે પહોંચી ત્યારે મોટાબાપુ મનોજભાઈએ ફરીથી તેને માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન સગીરાના સગા દાદા પ્રેમજીભાઈ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. બંનેએ ભેગા મળીને માસૂમ દીકરીને બેફામ ગાળો ભાંડી હતી અને "તને ઝેરી દવા પીવડાવીને જાનથી મારી નાખીશું" તેવી ગંભીર ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ હનિફભાઈ ભટ્ટી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા-જાફરાબાદ પંથકમાં એમ્બ્યુલન્સ માટે પણ ઈંધણ ખલાસ થતા દર્દીઓ પરેશાન

રાજુલા, તા.૧૮

રાજુલા અને જાફરાબાદ પંથકમાં ડીઝલનો પુરવઠો સાવ ખૂટી જતાં પરિસ્થિતિ અત્યંત કફોડી બની છે.

રાજુલા શહેર, બાયપાસ, આગરીયા નજીકના પંપ, હિંડોરણા ચોકડી તેમજ જાફરાબાદ પંથકના તમામ પેટ્રોલ પંપો પર છેલ્લા ત્રણ દિવસથી ડીઝલ ન હોવાને કારણે વાહનચાલકો ભારે પરેશાન છે. અછતના પગલે વાહનોની અવરજવર ઘટી ગઈ છે અને પંપ ધારકો ફોન બંધ કરીને બેઠા છે. સ્થિતિ એટલી હદે ગંભીર છે કે પંપ સંચાલકો પાસે ઈમર્જન્સી એમ્બ્યુલન્સ કે સરકારી વાહનો માટે પણ ડીઝલ ઉપલબ્ધ નથી. સૌરાષ્ટ્ર હેડ ઓફિસના ઉચ્ચ અધિકારીઓ પંપ ધારકોને કોઈ યોગ્ય જવાબ આપતા નથી. બીજી તરફ, આ કટોકટીના સમયે જિલ્લા પુરવઠા અધિકારી રજા પર હોવાથી પંપ સંચાલકો યોગ્ય રજૂઆત પણ કરી શકતા નથી. અનેક મોટા ઉદ્યોગોથી ધમધમતા અને જિલ્લામાં સૌથી વધુ વાહનોની અવરજવર ધરાવતા આ ઔદ્યોગિક પંથકમાં હાલ તમામ પેટ્રોલ પંપો માત્ર શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે.







# અમરેલીમાં બાઈક ચાલક પાસેથી દારૂની બોટલો ઝડપાઈ

અમરેલી, તા.૧૮

અમરેલી શહેરમાં નાગનાથ બસ સ્ટેન્ડ પાસેથી બાઈક ચાલક ભારતીય બનાવટના વિદેશી દારૂની બે બોટલ સાથે ઝડપાયો હતો. પોલીસે દારૂની બોટલો, બાઈક મળી ૪૦૨૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.લીલીયા, નાવલી બજાર પાસેથી ૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જ્યારે વિવિધ જગ્યાએથી ૧૭ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.








# સાવરકુંડલામાં સદ્‌ભાવના ગ્રુપનો ૧૦૭મો રક્તદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલાના પ્રતિષ્ઠિત 'સદ્‌ભાવના ગ્રુપ' દ્વારા અમરેલી રેડક્રોસ સોસાયટીના વિશેષ સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં શહેરના સેવાભાવી રક્તદાતાઓએ કાળઝાળ ગરમીની પરવા કર્યા વગર ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેના પરિણામે કુલ ૭૭ યુનિટ જેટલું અમૂલ્ય રક્ત એકત્રિત થયું હતું. છેલ્લા ૨૪ વર્ષથી સતત કાર્યરત અને ૮ જેટલી વિવિધ હેલ્પલાઈન દ્વારા સમાજસેવા કરતા સદ્‌ભાવના ગ્રુપ દ્વારા આ કેમ્પ સુવ્યવસ્થિત રીતે યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના સભ્યોએ રક્તદાનના સર્વોચ્ચ મહત્વ વિશે લોકોને જાગૃત કર્યા હતા કે સમયસર મળેલું લોહીનું એક ટીપું પણ દર્દીને નવજીવન આપી શકે છે. આ એકત્રિત રક્ત આગામી દિવસોમાં અકસ્માતગ્રસ્ત કે ગંભીર દર્દીઓ માટે જીવનદાતા સાબિત થશે. કેમ્પને સફળ બનાવવા સદ્‌ભાવના ગ્રુપના સ્વયંસેવકો અને રેડક્રોસની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.












વડીયાના ઢુંઢીયા પીપળીયા ગામે રૂ.૧.૨૫ કરોડના ખર્ચે પ્રાથમિક શાળા બનશે

# કૌશિક વેકરીયાના હસ્તે અનેકવિધ વિકાસકાર્યો, લોકાર્પણ

અમરેલી, તા. ૧૮

રાજ્યના ઊર્જા અને કાયદો રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે મહત્વના વિકાસકાર્યો સંપન્ન થયા છે. રવિવારે વડિયા તાલુકાના ઢુંઢિયાપીપળીયા ગામે અંદાજે રૂપિયા ૧.૨૫ કરોડના ખર્ચે સાકાર થનારી પ્રાથમિક શાળાના નવા ભવનનું શાસ્ત્રોક્ત વિધિથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે જ વડિયા શહેરમાં સ્થાનિક વિદ્યાર્થીઓ માટે આશરે રૂપિયા ૧.૦૬ કરોડના ખર્ચે નવનિર્મિત મોંઘીબા પ્રાથમિક શાળાના આધુનિક મકાનનું લોકાર્પણ કરીને તેને જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના બાળકોને ઉત્તમ અને ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટે સંપૂર્ણ



કટિબધ્ધ છે. વડિયા વિસ્તારના યુવાનોને ઉચ્ચ શિક્ષણ માટે બહાર ન જવું પડે તે હેતુથી સરકારી કોલેજની મંજૂરી બાદ હવે આગામી સમયમાં ધોરણ ૧૧ અને ૧૨ માટે સરકારી શાળા શરૂ કરવાનું આયોજન પણ વિચારણા હેઠળ છે. આ અંતર્ગત વડિયાના વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ પોતાના ઘર આંગણે જ મળી રહેશે. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્યો, સ્થાનિક અગ્રણીઓ, શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા.

# અમરેલીથી મોટા રૂટ તરફ જતી બસને વાયા બાબરા દોડાવવા મુસાફરોની માંગ

**વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી નહી**

બાબરા,તા.૧૮

અમરેલી જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં બાબરા તાલુકો આજે પણ એસ.ટી. પરિવહન સુવિધામાં અન્યાયનો ભોગ બની રહ્યો છે. દક્ષિણ અને ઉત્તર ગુજરાત તરફ જતી મોટાભાગની બસો વાયા લાઠી થઈને દોડાવવામાં આવતી હોવાથી સ્થાનિક વિદ્યાર્થીઓ, વેપારીઓ અને નોકરીયાત વર્ગમાં ભારે રોષ છે. તાજેતરમાં શરૂ થયેલી ધારી-નાથદ્વારા બસ પણ વાયા લાઠી ચલાવવામાં આવતા લોકોની નિરાશા વધી છે. મુસાફરોની માંગ છે કે લાઠી રૂટની પચાસ ટકા બસો વાયા બાબરા ડાયવર્ટ કરવામાં આવે તો હજારો લોકોને સીધો લાભ થાય. હાલમાં રાત્રિના સમયે મુસાફરોને ચાવંડ ઉતરીને બાબરા આવવા માટે ભારે હાલાકી ભોગવવી પડે છે. ચૂંટણી ટાણે મોટા વચનો આપતા નેતાઓ મતદાન બાદ ગાયબ થઈ જતા હોવાનો આક્ષેપ કરતા લોકોએ તંત્ર પાસે આ અન્યાય બંધ કરી યોગ્ય પરિવહન સુવિધા આપવા ઉગ્ર માંગ કરી છે.

# સા.કુંડલાના દેતડ ગામમાંથી સગીર કિશોરના અપહરણથી ચકચાર

સાવરકુંડલા, તા. ૧૮

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના દેતડ ગામેથી એક સગીર વયના કિશોરના અપહરણની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે કિશોરના વાલી દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.આ અંગે જગદીશભાઈ ઉર્ફે જગાભાઈ ગોવિંદભાઈ કરડે અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો સગીર વયનો દીકરો પોતાના ઘરેથી અચાનક ગુમ થયો હતો. કોઈ અજાણ્યા શખ્સે તે સગીર વયનો હોવાનું જાણવા છતાં, તેને કોઈ પણ પ્રકારની લાલચ આપી અથવા ફોસલાવીને તેનું અપહરણ કર્યુ હોવાની આશંકા સેવાઈ રહી છે.પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને ગુમ થયેલા કિશોરની શોધખોળ અને આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# તને કરિયાવરમાં કાંઈ આપ્યું નથી કહી ઓળીયા ગામે પરણિતા પર પતિએ અત્યાચાર ગુજાર્યો

**"મારે આ વહુ જોતી નથી" તેમ કહી સસરાએ પુત્રને ચઢામણી કરી**

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાના ઓળીયા ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પતિએ પત્નિને "તને કરિયાવરમાં કાંઈ આપ્યું નથી" તેમ કહી શારીરિક-માનસિક અત્યાચાર ગુજાર્યો હતો. જ્યારે સસરા "હું તને બીજી જગ્યાએ પરણાવી દઈશ, મારે આને રાખવી નથી" તેમ કહી પતિની ચઢામણી કરતા હતા. સાસરિયાના સિતમથી ત્રાહિમામ પોકારીને પત્નિ આખરે પિયર પરત ફરી હતી. મેઘનાબેન પ્રવિણભાઈ રાઠોડ (ઉ.વ. ૨૫)એ પતિ મનીષભાઈ જયસુખભાઈ બગડા તથા સસરા જયસુખભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પતિ અવારનવાર હેરાન-પરેશાન કરી "તને કોઈ કામકાજ આવડતું નથી અને તારા પિયરવાળાઓએ કોઈ કામ શીખવાડયું નથી, તેમજ કરિયાવરમાં પણ કાંઈ આપેલ નથી" તેમ કહી મેણાં-ટોણાં મારી શારિરિક તથા માનસિક ત્રાસ આપતા હતા. તેમજ ઢીકાપાટુનો મૂઢ માર મારી જેમ ફાવે તેમ ગાળો આપતા હતા. સસરા પણ પુત્રને પુત્રવધૂ વિરુધ્ધ ચઢામણી કરતા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં હુક્કાની સામગ્રી સાથે એક શખ્સને પોલીસે ઝડપ્યો

જાફરાબાદ, તા.૧૮

જાફરાબાદમાં પોલીસે પ્રતિબંધિત હુક્કાની સામગ્રી અને બાઈક સહિત કુલ રૂ.૧.૨૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જાફરાબાદ પોલીસના ચેકિંગ દરમિયાન ફરહાનભાઈ ઈરફાનભાઈ મુંગલ (ઉ.વ.૨૫) 'બર્ગમેન' બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે પોલીસે બાઈકની તલાશી લેતા તેમાંથી ગેરકાયદેસર રીતે રાખેલો હુક્કાનો સામાન અને ટોબેકો ફ્લેવરનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે હુક્કા ચીલમ અને ટોબેકો ફ્લેવર (કિંમત રૂ.૫,૬૨૦), મોબાઈલ (કિંમત રૂ.૨૦,૦૦૦) તથા બર્ગમેન બાઈક (કિંમત રૂ.૧,૦૦,૦૦૦) મળી કુલ રૂ.૧,૨૫,૬૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. વી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના ઈશ્વરીયા ગામે આર્થિક સંકડામણથી કંટાળી ખેડૂતની આત્મહત્યા

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાના ઈશ્વરીયા ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ખેતીમાં લાંબા સમયથી પૂરતી આવક ન થવાને કારણે અને સતત વધી રહેલા દેવાના બોજથી કંટાળીને એક વ્યક્તિએ ગળાફાંસો ખાઈને પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. આ અંગે હરેશભાઈ ગોવિંદભાઈ વામજાએ જાહેર કર્યા મુજબ, પ્રવીણભાઈ ગોવિંદભાઈ વામજા ખેતીકામ સાથે જોડાયેલા હતા. છેલ્લા ઘણા સમયથી ખેતીમાં ધાર્યા મુજબની ઉપજ કે સરખી આવક ન થવાને કારણે તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી પડી ગઈ હતી. આ દરમિયાન માથે કરજ (દેવું) પણ સતત વધી રહ્યું હતું. આર્થિક સંકડામણ અને દેવાને કારણે તેઓ છેલ્લા કેટલાક સમયથી ભારે માનસિક ચિંતામાં રહેતા હતા. અંતે આ પરિસ્થિતિથી કંટાળીને, મનમાં લાગી આવતા તેમણે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ખેડૂતના આ પગલાથી ઈશ્વરીયા ગામમાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું.આ સિવાય ખાંભાના ચક્રાવાપરામાં રહેતા રાજુભાઈ ખોડાભાઈ ચુડાસમા કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હોવાનું ખોડાભાઈ સોમાતભાઈ ચુડાસમાએ જાહેર કર્યું હતું.

# લીલીયા ખાતે પ્રગતિ ક્રેડિટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

લીલીયા, તા.૧૮



તસવીર : બકુલ દવે




લીલીયા ખાતે પ્રગતિ સેવિંગ્સ એન્ડ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીની ૨૧ મી વાર્ષિક સામાન્ય સભા અંટાળેશ્વર મહાદેવના પટાંગણમાં યોજાઈ હતી. સંસ્થાના વાઈસ ચેરમેન પ્રકાશભાઈ વિરાણીએ વાર્ષિક અહેવાલનું વાંચન કરી જણાવ્યું કે, ૨૧ વર્ષમાં સભાસદોનો વિશ્વાસ જીતીને સંસ્થાએ મજબૂત વિકાસ કર્યો છે. તેમણે સભાસદો માટે ૧૩% ડિવિડન્ડ અને ભેટની જાહેરાત કરી હતી. ચેરમેન ભાવેશ રાદડિયાએ 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર આપતાં, સંસ્થાની મજબૂત પ્રગતિના પગલે લોનના વ્યાજદરમાં ૨% ઘટાડાની મહત્વની જાહેરાત કરી હતી. સાથે જ સંસ્થાના ભવિષ્યના વિકાસની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ડાયરેક્ટર ભુપતભાઈ ધામતે સ્વાગત પ્રવચન અને ડિરેક્ટર વિપુલભાઈ દુધાતે આભાર વિધિ કરી હતી. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને વિશાળ સંખ્યામાં હાજર સભાસદોએ આ સભાને એક ધર્મયાત્રા સમાન ગણાવી હતી, તેમ સંસ્થાના મેનેજર ભદ્રેશ રાદડિયાએ જણાવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૧૯-૦૫-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૮,
સૂર્યાસ્ત-૦૭:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

## દૈનિક રાશિફળ

તા.૧૯-૦૫-૨૦૨૬ મંગળવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

# જાફરાબાદમાં બોટ રિપેરિંગના કામમાં ખામી કાઢવા બાબતે પિતા-પુત્રોનો કારીગર પર હિચકારો હુમલો

જાફરાબાદ, તા.૧૮

જાફરાબાદ બંદરે બોટ રિપેરિંગના કામમાં ફોલ્ટ કાઢવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈને પિતા અને તેના બે પુત્રોએ મળીને એક કારીગર તેમજ સાહેદ પર બેટ અને લાકડાના ધોકા વડે હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. આ હુમલામાં કારીગરને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અંગે રાજેશભાઈ હરજીભાઈ સોલંકી ઉર્ફે ટાકાવાળા (ઉં.વ. ૩૫) એ ભોળાભાઈ રામજીભાઈ બાંભણિયા, અંકીત ભોળાભાઈ બાંભણિયા તથા અવિનાશ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, તેઓ જાફરાબાદમાં બોટ રિપેરિંગનું કામ કરે છે. આ કામ દરમિયાન ભોળાભાઈ ત્યાં આવ્યા હતા અને તેમના કામમાં ખોટી ખામીઓ કાઢવા લાગ્યા હતા. આથી તેમને આવી રીતે કામમાં ફોલ્ટ કાઢવાની ના પાડી હતી. જેથી ભોળાભાઈ ઉશ્કેરાઈ ગયા હતા.

ખોટું લાગી આવતા ભોળાભાઈએ તાત્કાલિક પોતાના બે દીકરાઓને હથિયારો સાથે ત્યાં બોલાવી લીધા હતા. પિતા-પુત્રોએ ત્યાં આવીને તેમના પર આડેધડ હુમલો કર્યો હતો. જેમાં ભોળાભાઈ અને અવિનાશભાઈએ લાકડાના ધોકા વડે તેમજ અંકિતભાઈએ ક્રિકેટના બેટ વડે તેમને બેરહેમીપૂર્વક ફટકાર્યો હતો. આ હુમલાના કારણે તેમને શરીરે, માથામાં, પગમાં તેમજ છાતીના ભાગે ગંભીર મૂંઢ ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ ત્રણેય આરોપીઓએ તેમને અને સાહેદને જાનથી મારી નાખીશું તેવી ગંભીર ધમકી આપી હતી.

# સા.કુંડલામાં સાસુ-નણંદે પરિણીતાને ઘરકામ મુદ્દે મેણા મારતા ફરીયાદ

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલામાં એક પરિણીતાને સાસુ-નણંદે ઘરકામ મુદ્દે મેણા ટોણા માર્યા હતા. તેમજ પતિએ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે શ્રધ્ધાબેન અમીતકુમાર ઉનાવા (ઉ.વ.૩૨)એ પતિ અમીતકુમાર મનુભાઈ ઉનાવા, સાસુ પ્રજ્ઞનાબેન મનુભાઈ ઉનાવા તથા નંણદ કાજલબેન સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પતિ, સાસુ તથા નંણદે તેમને અવાર-નવાર ઘરકામ બાબતે મેણાટોણા મારી હેરાન પરેશાન કરી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપ્યો હતો. પતિએ તેમને જેમ ફાવે તેમ ખરાબ ગાળો આપી શરીરે મુઢ માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાલુકાના વાવડા ગામેથી પરિણીતા, નારાયણનગર ગામેથી યુવતી લાપતા

**પરિવારજનોએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગૂમ થયા અંગે જાણકારી આપી**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાંથી વધુ બે લોકો ગુમ થયા હતા. બાબરાના વાવડા ગામે રહેતા વિશાલભાઈ છગનભાઈ મેટાળીયા (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની પાયલબેન તા.૧૫/૦૫/૨૦૨૬ના રોજ વાવડા ગામે તેના રહેણાંક મકાનેથી કોઈને કાંઈ કહ્યા વગર કયાંક જતી રહી હતી. તેણે હાથમાં અંગ્રેજીમાં **Payal** ત્રોફાવ્યું છે. લાઠીના નારાયણનગર ગામે રહેતા આશાબેન કાબાભાઈ શેખલીયા (ઉ.વ.૪૫)એ તેની દિકરી અનિશા પોતાના ઘરેથી પોતાની મેળે તા.૦૨/૦૫/૨૦૨૬ ના મોડી રાત્રીના આશરે ચારેક વાગ્યા દરમ્યાન કોઈને કહ્યા વગર પોતે પોતાની રીતે કયાંક જતી રહી હતી.

# બગસરા-જેતપુર રોડ પર લક્ઝરી બસે રિક્ષાને પાછળથી ટક્કર મારી

**અકસ્માતમાં ત્રણ મિત્રોને ગંભીર ઇજા**

બગસરા, તા.૧૮

બગસરા-જેતપુર રોડ પર હુડકો ક્વાર્ટર્સ સામે એક ખાનગી ટ્રાવેલ્સની બસે આગળ જઈ રહેલી સીએનજી લોડિંગ રિક્ષાને પાછળથી જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હોવાની ઘટના સામે આવી હતી. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર ત્રણ મિત્રોને મોઢા તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે બસ ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. આ અંગે અમરેલીમાં શાંતિલાલ શંભુભાઈ કાલેણા (ઉ.વ.૫૯) એ શિવાય લકઝરી બસના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેના મિત્રો કિશોરભાઈ મનસુખભાઈ સાવલીયા અને અમિતભાઈ અરવિંદભાઈ પાથરની સીએનજી ભારવાહક રિક્ષા લઈને બગસરા-જેતપુર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. રિક્ષા જ્યારે હુડકો સામે પહોંચી ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલી 'શિવાય પેસેન્જર ટ્રાવેલ્સ'ની લક્ઝરી બસના ચાલકે પોતાની મુસાફરોથી ભરેલી બસ બેફિકરાઈથી ચલાવી સીએનજી રિક્ષાના પાછળના ભાગે ધડાકાભેર ભટકાવી દીધી હતી. આ ગંભીર ટક્કરના કારણે રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતમાં તેમને મોઢાની ડાબી બાજુએ ગંભીર ફ્રેક્ચરની ઈજા થઈ હતી, જ્યારે તેના મિત્રો કિશોરભાઈ અને અમિતભાઈને શરીરે તેમજ માથાના ભાગે લોહીલુહાણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રાવેલ્સનો ચાલક બસ લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી ડી કલસરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# શ્રમિક વર્ગ માટે નાણાકીય સુરક્ષાની નવી આશા

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ભારતના સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા લાખો કર્મચારીઓ માટે સામાજિક અને આર્થિક સુરક્ષાનો સૌથી મોટો આધારસ્તંભ છે. નોકરીયાત વર્ગ માટે ભવિષ્ય નિધિ (PF) એ માત્ર બચત નથી, પરંતુ નિવૃત્તિ પછીના જીવનનો મજબૂત સહારો છે. તાજેતરમાં સામે આવેલા અહેવાલો અનુસાર, EPFO તેના માળખામાં અત્યાર સુધીનો સૌથી મોટો અને ઐતિહાસિક ફેરફાર કરવા જઈ રહ્યું છે, જેને 'મિશન ૩.૦' તરીકે ઓળખવામાં આવે છે. આ અંતર્ગત, આગામી સમયમાં પીએફના પૈસા સીધા એટીએમ (ATM) દ્વારા ઉપાડવાની સગવડ અને લઘુત્તમ પેન્શનમાં ત્રણ ગણો વધારો થવાની પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. આ દરખાસ્તો જો વાસ્તવિકતામાં બદલાશે, તો દેશના લાખો શ્રમિકો અને પેન્શનરોના જીવનમાં મોટો સકારાત્મક બદલાવ આવશે.

બીજી તરફ, લાંબા સમયથી લઘુત્તમ પેન્શનમાં વધારો કરવાની માંગ કરી રહેલા વરિષ્ઠ નાગરિકો અને પેન્શનરો માટે પણ આશાસ્પદ સંકેતો મળી રહ્યા છે. હાલમાં, EPS-૯૫ અંતર્ગત પેન્શનરોને માત્ર એક હજાર રૂપિયાનું લઘુત્તમ માસિક પેન્શન મળે છે, જે આજની મોંઘવારીના જમાનામાં અત્યંત ઓછું અને અપૂરતું છે. શ્રમ મંત્રાલય સ્તરે ચાલી રહેલી ચર્ચાઓ અનુસાર, આ લઘુત્તમ પેન્શનની રકમ એક હજારથી વધારીને સીધી ત્રણ હજાર રૂપિયા કરવામાં આવી શકે છે, જ્યારે કેટલાક સંગઠનો આ રકમને સાડા સાત હજાર સુધી લઈ જવાની માંગ કરી રહ્યા છે. પેન્શનમાં થનારો આ સંભવિત વધારો નિવૃત્ત વૃધ્ધોને સન્માનભેર જીવન જીવવામાં અને સ્વાસ્થ્ય પાછળ થતા ખર્ચને પહોંચી વળવામાં મોટી આર્થિક રાહત આપશે. આ સુધારાઓની સાથે સાથે, સરકારી સ્તરે પીએફ યોગદાન માટેની મૂળભૂત પગાર મર્યાદા (Salary Limit) ને પણ વર્તમાન પંદર હજાર રૂપિયાથી વધારીને પંચીસ હજાર રૂપિયા કરવાની ગંભીર વિચારણા ચાલી રહી છે. જો આ નિર્ણય અમલમાં આવશે, તો કર્મચારી અને એમ્પ્લોયર બંને તરફથી થતું માસિક યોગદાન વધી જશે. પરિણામે, નોકરી દરમિયાન ભલે ટેક-હોમ સેલેરીમાં આંશિક ઘટાડો થાય, પરંતુ લાંબે ગાળે કર્મચારીઓનું નિવૃત્તિ ભંડોળ ઘણું મોટું અને મજબૂત બનશે, જે તેમના ભવિષ્યને વધુ સુરક્ષિત કરશે. ચાલુ નાણાકીય વર્ષ માટે પ્રસ્તાવિત ૮.૨૫ ટકાનો વ્યાજ દર પણ અન્ય બચત યોજનાઓની સરખામણીએ ઘણો આકર્ષક છે, જે બાકી રહેલી રકમ પર સતત મળતો રહેશે.

સંગઠન આ તમામ સુવિધાઓને એકસાથે વણાટો આપીને નવું 'EPFO ૩.૦ પોર્ટલ' લોન્ચ કરવાની તૈયારીમાં છે, જે આગામી જૂન મહિનાથી લાઈવ થઈ શકે છે. આ નવું ડિજિટલ પ્લેટફોર્મ સંપૂર્ણપણે ઓટોમેટેડ હશે, જેથી સર્વર ડાઉન થવાની જૂની સમસ્યાઓથી મુક્તિ મળશે અને સભ્યોનો ઓનલાઈન અનુભવ બહેતર બનશે. સરળ કેવાયસી વેરિફિકેશન અને પેપરલેસ સિસ્ટમને કારણે ભવિષ્યમાં ક્લેમ સેટલમેન્ટ માત્ર ગણતરીના કલાકોમાં પૂર્ણ થઈ જશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. નિવૃત્ત વૃધ્ધો માટે પેન્શનમાં વધારો અને યુવા કર્મચારીઓ માટે ડિજિટલ ઉપાડની સુવિધા-આ બંને પાસાઓ દર્શાવે છે કે સરકાર હવે કર્મચારીઓની નાણાકીય સુરક્ષા અને જીવન ધોરણ સુધારવા પ્રત્યે ગંભીર છે. હવે સમગ્ર દેશના નોકરીયાત વર્ગની નજર જૂન મહિનામાં થનારી સત્તાવાર જાહેરાતો અને નવા પોર્ટલના અમલીકરણ પર ટકેલી છે.

# સુપર પાવરના અસલી ચહેરા

## મહાસત્તાઓ વચ્ચેનું શીતયુધ્ધ તિવ્ર બનશે



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વીસમી સદીમાં સોવિયેત યુનિયન અને અમેરિકા વચ્ચે રમાયેલા સત્તાના ખેલથી આખી દુનિયા પરિચિત છે પરંતુ વર્તમાન સમયમાં અમેરિકા અને ચીન વચ્ચે વર્ચસ્વની એક નવી જ લડાઈ શરૂ થઈ ચૂકી છે. આંતરરાષ્ટ્રીય રાજનીતિનો એક શાશ્વત નિયમ છે કે અહીં કોઈ કાયમી મિત્ર કે શત્રુ હોતું નથી, માત્ર પોતપોતાના સ્વાર્થ અને હિતો જ સર્વોપરી હોય છે. તાજેતરમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બેઈજિંગ મુલાકાત અને તે પછી બહાર આવેલા અહેવાલોએ આ વૈશ્વિક સત્યને ફરી એકવાર દુનિયા સામે છતું કર્યું છે. કેમેરાની સામે હસીને હાથ મિલાવતા અને પરસ્પર સહયોગની વાતો કરતા નેતાઓની પાછળ કેવો ગંભીર રાજદ્વારી તણાવ ચાલી રહ્યો છે, તેનો અંદાજ આ પ્રવાસ દરમિયાન બનેલી ઘટનાઓ પરથી સરળતાથી લગાવી શકાય છે.

આ આખી વ્યુહરચનાને સમજવા માટે ભૂતકાળમાં બનેલી કેટલીક બાબતો પર નજર નાખવી જરૂરી છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે એક જાહેર નિવેદનમાં અમેરિકાની આંતરિક નબળાઈઓ તરફ ઈશારો કરીને તેને એક પતન તરફ જઈ રહેલું રાષ્ટ્ર ગણાવ્યું હતું. આ વાતને વૈશ્વિક મીડિયામાં અમેરિકાના સાર્વભૌમત્વ પર એક મોટા પ્રહાર તરીકે જોવામાં આવી હતી. જો કે, ડોનાલ્ડ ટ્રમ્પે પાછળથી ચતુરાઈપૂર્વક એવો બચાવ કર્યો હતો કે ચીની રાષ્ટ્રપતિ સમગ્ર અમેરિકાની ક્ષમતાને નહીં પરંતુ ત્યાંના તત્કાલીન શાસનની નબળી નીતિઓને નિશાન બનાવી રહ્યા હતા. આ અણગમા અને કડવાશ વચ્ચે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ બે દિવસના પ્રવાસે ચીન પહોંચ્યા ત્યારે આખી દુનિયાની નજર આ મુલાકાત પર ટકેલી હતી. પ્રવાસ દરમિયાન બંને નેતાઓ ખૂબ જ આત્મીયતાથી મળ્યા અને ટ્રમ્પે જિનપિંગની પ્રશંસા પણ કરી, પણ આ મીઠાશ પાછળ એક ચોક્કસ આયોજન છુપાયેલું હતું.

અસલી વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ચીનથી પરત ફરતી વખતે અમેરિકન પ્રમુખની ટીમે પ્રવાસ દરમિયાન ચીન તરફથી મળેલી તમામ ભેટ-સોગાદો, સ્મૃતિચિહ્નો, સત્તાવાર બેજ અને પિન કચરાપેટીમાં ફેંકી દીધા. એટલું જ નહીં, પ્રવાસ દરમિયાન વાપરેલા ખાસ ફોન પણ વિમાનમાં બેસતા પહેલા નષ્ટ કરી દેવામાં આવ્યા. આ પગલું માત્ર કોઈ રાજકીય ગુસ્સો કે અપમાન નહોતું પરંતુ તેની પાછળ આધુનિક યુગની સૌથી મોટી ચિંતા એટલે કે સાયબર જાસૂસી અને ડેટા ચોરીનો ડર હતો. ચીન ટેકનોલોજી અને ડિજિટલ હેકિંગના ક્ષેત્રમાં ઘણું આગળ છે અને અમેરિકી એજન્સીઓને પાકો અંદેશો હતો કે ચીન તરફથી મળેલી ભેટો કે અન્ય સાધનોમાં છૂપી માઈક્રો-ચિપ અથવા ટ્રેકિંગ ડિવાઈસ હોઈ શકે છે.

આ જ કારણસર અમેરિકન સિક્રેટ સર્વિસ દ્વારા આવા સંવેદનશીલ પ્રવાસો માટે અત્યંત કડક નિયમો રાખવામાં આવે છે. ત્યાંના અધિકારીઓ ચીનની ધરતી પર પોતાના સત્તાવાર કે વ્યક્તિગત ફોનનો ઉપયોગ કરવાને બદલે ખાસ પ્રકારના કામચલાઉ ફોન વાપરે છે જેને બર્નર ફોન કહેવામાં આવે છે. આ ફોનનો હેતુ માત્ર પ્રવાસ પૂરતો જ મર્યાદિત હોય છે અને કામ પૂરું થતાં જ તેને ભૌતિક રીતે તોડીને ફેંકી દેવામાં આવે છે જેથી ચીની એજન્સીઓ સેટેલાઈટ કે સ્થાનિક નેટવર્ક દ્વારા કોઈ પણ ગુપ્ત માહિતી ચોરી ન શકે.

ડોનાલ્ડ ટ્રમ્પ આંતરરાષ્ટ્રીય સ્તરે નફા-નુકસાન અને સોદાબાજીની રાજનીતિ માટે જાણીતા છે. તેઓ જ્યાં સુધી ચીનની ધરતી પર હતા ત્યાં સુધી સંબંધો બગાડવા માંગતા નહોતા કારણ કે તે સમયે અમેરિકાના કેટલાક મહત્વના હિતો ચીન સાથે જોડાયેલા હતા. ખાસ કરીને વૈશ્વિક તેલ વ્યાપાર માટે સૌથી વ્યસ્ત ગણાતી હોર્મુઝની સમુદ્રધુની અને ઈરાન સાથેના તણાવના મુદ્દે અમેરિકાને ચીનના પરોક્ષ સમર્થનની જરૂર હતી, કારણ કે ચીન અને ઈરાન વચ્ચે મોટા વ્યાપારી સંબંધો છે. ટ્રમ્પે ત્યાં સુધી જિનપિંગ સાથે મધુર વ્યવહાર રાખ્યો જ્યાં સુધી તેમનું કામ પૂરું ન થયું, પરંતુ વિમાનમાં બેસવાની સાથે જ અમેરિકાએ પોતાની અસલી નીતિ સ્પષ્ટ કરી દીધી કે તેઓ ચીનની કોઈ પણ વસ્તુ કે વ્યવહાર પર ભરોસો કરવા તૈયાર નથી.

આ ઘટના કોઈ એકલદોકલ કિસ્સો નથી પરંતુ બંને દેશો વચ્ચે વર્ષોથી ચાલી આવતા વિવિધ વિવાદોની કડવી વાસ્તવિકતા છે. અમેરિકા અને ચીન વચ્ચે લાંબા સમયથી વ્યાપારિક યુધ્ધ ચાલી રહ્યું છે જેમાં બંને દેશો એકબીજાના માલ પર ભારે ટેક્સ લગાવી રહ્યા છે. આ સિવાય તાઈવાનની આઝાદીનો મુદ્દો પણ અત્યંત સંવેદનશીલ છે, જ્યાં ચીન બળપ્રયોગની ધમકી આપે છે અને અમેરિકા તાઈવાનના રક્ષણ માટે કટિબધ્ધ છે. આજના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર ચિપ્સ અને સુપર કોમ્પ્યુટરના ક્ષેત્રમાં દુનિયા પર કોણ રાજ કરશે તેની ભયંકર હોડ જામી છે જેને કારણે જાસૂસીનો ખતરો પહેલા કરતાં અનેકગણો વધી ગયો છે. દક્ષિણ ચીન સાગરમાં ચીનનો આક્રમક વિસ્તારવાદ અને તેને રોકવા માટે અમેરિકા દ્વારા ઘડવામાં આવતી વ્યુહરચના આ તણાવને સતત વધારી રહી છે.

અંતે તો બેઈજિંગ એરપોર્ટ પર બનેલી આ ઘટના વૈશ્વિક મુત્સદ્દીગીરીનો એક બહુ મોટો પાઠ છે. તે સાબિત કરે છે કે આજના સમયમાં કંઈ પણ બોલ્યા વિના કે જાહેરમાં કોઈ વિવાદ ઊભો કર્યા વિના પણ સામો પક્ષ વળતો જવાબ આપી શકે છે.

ટ્રમ્પની ટીમે ભેટો કચરાપેટીમાં ફગાવીને ચીનને સ્પષ્ટ સંકેત આપી દીધો કે અમેરિકા પોતાના વૈશ્વિક ગૌરવ સામે કોઈ પણ પ્રકારની બાંધછોડ નહીં કરે. ભવિષ્યની રાજનીતિ હવે બંદૂકો કે મિસાઈલો કરતાં ડેટા સુરક્ષા, સોફ્ટવેર અને માનસિક યુદ્ધ પર વધુ રમાશે, જ્યાં હસતા ચહેરાઓ પાછળ હંમેશા એકબીજાને પછાડવાની ગણતરીઓ ચાલતી હોય છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૯૭૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૪૦ |
| જુવાર સફેદ | ૮૮૧ | ૧૦૧૬ |
| જુવાર લાલ | ૮૬૦ | ૯૪૦ |
| જુવાર પીળી | ૩૮૧ | ૪૩૦ |
| બાજરી | ૩૧૦ | ૪૫૬ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૩૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૮૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૭૫૦ |
| અડદ | ૧૨૫૫ | ૧૬૩૦ |
| મગ | ૧૫૭૦ | ૧૯૧૪ |
| વાલ દેશી | ૬૫૦ | ૯૭૦ |
| ચોળી | ૭૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૫૫૦ | ૯૫૦ |
| કળથી | ૩૦૬ | ૩૭૦ |
| રાજમા | ૫૫૦ | ૧૬૩૦ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૯૩૦ |
| મગફળી જાડી | ૧૨૬૦ | ૧૬૪૮ |
| મગફળી જીણી | ૧૨૩૫ | ૧૭૫૦ |
| અળશી | ૧૬૨૫ | ૧૬૭૫ |
| તલી | ૧૯૫૦ | ૨૨૨૨ |
| સુરજમુખી | ૧૨૦૬ | ૧૨૦૬ |
| એરંડા | ૧૧૭૦ | ૧૩૧૦ |
| અજમો | ૧૫૦૦ | ૨૪૫૦ |
| સુવા | ૧૨૨૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૨૯૧ | ૧૪૬૦ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૮૫૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૪૦૦ |
| લસણ | ૮૭૦ | ૧૫૬૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૫૧૦ |
| ધાણી | ૨૨૦૦ | ૨૬૫૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૮૨૮ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૫૦ |
| રાય | ૧૨૬૦ | ૧૫૩૦ |
| મેથી | ૧૦૮૦ | ૧૭૭૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| અશેરીયો | ૯૦૦ | ૧૧૨૫ |
| કલોંજી | ૨૭૫૦ | ૩૪૭૧ |
| રાયડો | ૧૨૨૫ | ૧૩૬૦ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૬૮૦૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૧૨૬ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૦૩ | ૬૧૧ |
| લીંબુ | ૨૦૨૫ | ૪૧૦૩ |
| સાકરટેટી | ૧૧૧ | ૨૬૨ |
| તરબુચ | ૧૧૦ | ૨૧૪ |
| પપૈયા | ૭૬ | ૧૫૩ |
| બટેટા | ૧૦૨ | ૨૮૭ |
| ડુંગળી સુકી | ૭૦ | ૩૩૧ |
| ટમેટા | ૫૨૬ | ૬૮૦ |
| સુરણ | ૮૦૯ | ૧૦૦૨ |
| કોથમરી | ૬૧૧ | ૮૩૯ |
| રીંગણા | ૧૪૬ | ૨૬૬ |
| કોબીજ | ૧૦૪ | ૨૧૩ |
| ફ્લાવર | ૨૫૮ | ૪૦૫ |
| ભીંડો | ૨૧૯ | ૩૭૬ |
| ગુવાર | ૩૮૩ | ૮૧૫ |
| ચોળાસીંગ | ૪૮૮ | ૭૯૨ |
| ટીંડોળા | ૩૮૯ | ૭૯૪ |
| દુધી | ૧૦૫ | ૨૧૨ |
| કારેલા | ૨૧૫ | ૩૭૬ |
| સરગવો | ૨૫૮ | ૫૨૬ |
| તુરીયા | ૩૭૬ | ૬૩૭ |
| પરવર | ૫૪૨ | ૬૯૫ |
| કાકડી | ૨૩૯ | ૪૩૬ |
| ગાજર | ૩૦૫ | ૪૭૫ |
| વટાણા | ૧૪૦૩ | ૧૬૧૦ |
| ગલકા | ૧૬૯ | ૨૮૬ |
| બીટ | ૧૪૬ | ૩૨૫ |
| મેથી | ૬૭૧ | ૭૫૧ |
| ડુંગળી લીલી | ૫૫૨ | ૮૨૬ |
| આદુ | ૧૪૦૨ | ૧૬૩૩ |
| મરચા લીલા | ૫૨૫ | ૭૪૬ |
| મકાઇ લીલી | ૧૬૪ | ૩૫૧ |
| ગુંદા | ૨૬૬ | ૪૮૭ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૯૩૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૯૬ |
| મગફળી જીણી | ૧૨૫૧ | ૧૭૦૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૧૪૦૧ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૧૧ |
| જીરૂ | ૨૭૫૧ | ૪૦૭૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૩૪૫૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૫૮૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૧૦૧ | ૪૮૦૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૬૦૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૩૨૬ |
| તુવેર | ૮૦૦ | ૧૫૭૧ |
| મેથી | ૮૨૬ | ૧૬૬૧ |
| મરચા | ૧૯૦૧ | ૬૦૦૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૭૮૧ |
| મગફળી નવી | ૧૨૦૦ | ૧૭૩૧ |
| મગફળી ૬૬ | ૧૨૭૧ | ૧૨૮૧ |
| તલ - તલી | ૧૬૫૧ | ૨૩૬૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૭૯૧ |
| ડુંગળી સફેદ | ૨૧૦ | ૨૬૬ |
| સોયાબીન | ૧૦૭૬ | ૧૪૮૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૭૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૮ | ૧૨ |
| ચૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૨ |
| બીટ પુરા | ૧૦ | ૧૨ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૭૦૦ |
| પાલક પુરા | ૨ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૯૦ | ૧૩૭૦ |
| શિંગ ગીરનાર | ૧૩૯૦ | ૧૪૩૫ |
| શિંગ મોટી | ૧૦૧૫ | ૧૫૩૫ |
| શિંગદાણા | ૧૬૫૫ | ૧૯૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૮૮૦ |
| તલ સફેદ | ૧૩૪૦ | ૨૫૩૫ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૫૫૦ |
| તલ કાશમીરી | ૨૦૯૦ | ૨૦૯૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૪૯૫ |
| મકાઈ | ૩૦૦ | ૪૪૦ |
| અડદ | ૭૦૦ | ૧૬૩૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૮૦ |
| સફેદ ચણા | ૧૦૩૫ | ૧૧૩૫ |
| તુવેર | ૮૦૦ | ૧૫૨૫ |
| કપાસ | ૧૦૫૦ | ૧૯૯૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૨૨૫૦ | ૩૫૫૦ |
| રાય | ૧૧૨૦ | ૧૪૫૫ |
| ધાણી | ૨૦૮૦ | ૨૬૩૦ |
| અજમા | ૧૨૦૦ | ૧૮૫૦ |
| મેથી | ૮૪૦ | ૧૩૨૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૭૫ |
| મરચા લાંબા | ૭૪૦ | ૪૦૫૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૭૦ | ૨૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૫૫૦ | ૬૪૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૫૨૦ | ૬૫૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૫૦ | ૬૫૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૫૦ |
| ગુવાર | ૬૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૫૫૦ | ૧૬૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૪૫૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૮૦ | ૭૨૦ |
| બીટ | ૩૨૦ | ૪૨૦ |
| સરગવો | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૧૯૦૦ |
| કાચી કેરી | ૯૩૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૪૫૦ | ૬૩૦ |
| ગરમર | ૬૩૦ | ૮૨૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૬૬૫ |
| શીંગ મોટી | ૧૨૨૦ | ૧૪૯૦ |
| શીંગ નવી | ૧૨૨૫ | ૧૫૦૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૮૦ |
| મગ | ૧૫૦૦ | ૧૭૮૬ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૧ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૫૦૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૫૧ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૦૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૭૧ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૫૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૨૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૬૪૫ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૧૦ |
| ઘઉં | ૪૦૩ | ૪૫૩ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૩૪ |
| તુવેર | ૧૧૧૫ | ૧૨૨૫ |
| ધાણા | ૧૯૭૫ | ૨૩૭૫ |
| એરંડા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| તલ | ૧૭૫૦ | ૧૯૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૬૦૫ |
| શીંગ ફાડા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| રાય | ૧૩૧૦ | ૧૩૧૦ |
| મકાઈ | ૩૯૫ | ૩૯૫ |
| સોયાબીન | ૯૬૫ | ૧૨૯૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૦ | ૧૮૭૫ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૪૧૮ | ૪૫૪ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૨ |
| ધાણા | ૧૮૦૦ | ૨૨૬૦ |
| જીરૂ | ૩૨૪૫ | ૩૨૪૫ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૧૮૨ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૫૫ |
| રાય | ૧૧૯૦ | ૧૧૯૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૦૦ |
| શીંગફાડા | ૧૭૦૧ | ૧૮૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૧૨ |
| જુવાર | ૫૪૫ | ૫૪૫ |
| મકાઈ | ૩૯૦ | ૩૯૦ |
| મેથી | ૧૨૪૫ | ૧૨૫૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૮૦ | ૨૦૦૦ |
| કપાસ મીડીયમ | ૧૫૮૦ | ૧૬૨૦ |
| મગફળી | ૧૨૭૦ | ૧૩૯૦ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૯૭૦ | ૩૪૩૦ |
| જીરૂ | ૨૮૯૦ | ૩૭૪૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૪૪૫ | ૨૪૮૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| એરંડા | ૧૦૮૦ | ૧૨૧૦ |
| મગ | ૧૪૪૦ | ૧૬૭૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૩૭૦ |
| ધાણા | ૧૪૪૫ | ૨૪૮૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૯૪૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૯૧ |
| બાજરો | ૪૫૬ | ૪૫૬ |
| મગ | ૧૦૦૧ | ૧૭૮૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| વાલ | ૪૦૧ | ૪૦૧ |
| અડદ | ૮૦૬ | ૧૫૭૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૯૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૯૬ |
| શિંગ ફાડા | ૧૩૦૧ | ૧૭૨૧ |
| એરંડા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૨૫૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૪૭૬ |
| મેથી | ૯૦૧ | ૧૩૪૬ |
| જીરૂ | ૨૪૦૧ | ૨૪૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૪૨૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૪૬ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૧૫૫૨ | ૧૮૧૩ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૩૧૦ | ૧૬૪૨ |
| શીંગ ગીરનાર | ૧૦૮૫ | ૧૩૩૦ |
| એરંડા | ૭૦૦ | ૧૨૮૬ |
| જુવાર | ૩૯૭ | ૯૦૦ |
| બાજરી | ૩૩૩ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૩૭૧ | ૫૮૧ |
| મકાઈ | ૪૦૦ | ૪૨૪ |
| અડદ | ૩૦૦ | ૧૬૩૧ |
| મગ | ૮૦૧ | ૧૭૩૪ |
| ચણા | ૯૬૫ | ૧૦૬૮ |
| તલ સફેદ | ૭૦૦ | ૨૩૨૧ |
| તલ કાળા | ૧૧૮૧ | ૩૪૫૬ |
| તુવેર | ૭૦૦ | ૧૪૬૮ |
| જીરૂ | ૩૧૪૦ | ૩૧૪૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૩૨ |
| ડુંગળી સફેદ | ૧૮૭ | ૩૧૯ |
| કપાસ શંકર | ૧૨૦૦ | ૧૭૭૬ |
| નાળીયેર | ૩૯૯ | ૨૫૮૫ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૬૭૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૨૨ |
| ઘઉં | ૪૧૧ | ૪૮૫ |
| રાય | ૧૧૫૦ | ૧૩૧૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૧૦ |
| મગ | ૧૫૩૦ | ૧૮૯૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૫૧ |
| કાંગ | ૪૫૦ | ૫૦૫ |


### જામનગર

| | | |
|---|---|---|
| બાજરી | ૭૬૦ | ૧૦૦૫ |
| બાજરો | ૭૬૦ | ૧૦૦૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૦૫ |
| મગ | ૧૩૫૦ | ૧૮૪૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૬૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૫ |
| વાલ | ૭૨૫ | ૧૧૮૦ |
| મેથી | ૧૪૦૦ | ૧૬૮૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૬૬૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૮ |
| તલ | ૧૧૦૦ | ૨૩૧૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૩૪૯ |
| રાઈ | ૧૨૫૦ | ૧૫૩૪ |
| લસણ | ૮૭૦ | ૨૧૮૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૭૭૦ |
| અજમો | ૧૬૪૦ | ૩૭૭૦ |
| અજમાની ભૂસી | ૩૦ | ૨૩૫૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૫૩૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૪૦ |
| વટાણા | ૪૫૫ | ૮૪૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૭૦૦ | ૧૫૬૭ |
| તલ સફેદ | ૧૬૭૫ | ૨૩૨૯ |
| તલ કાળા | ૧૯૦૦ | ૩૪૯૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૮૮૧ |
| બાજરો | ૩૧૧ | ૫૦૬ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૫૦૦ |
| જુવાર | ૩૬૨ | ૧૦૭૧ |
| મગ | ૧૦૦૦ | ૧૬૯૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૮ |
| એરંડી | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મેથી | ૧૩૦૨ | ૧૩૫૧ |
| રાય | ૧૧૨૫ | ૧૪૧૦ |
| અજમા | ૧૫૦૧ | ૨૨૦૦ |

## શબ્દ સંજોગ-૨૧૯



**આડી ચાવી :**
(૧) બળદના કપાળે બંધાતુ ભરતવાળુ વસ્ત્ર (૪)
(૩) બરાબર ઉભુ, અક્કડ (૩)
(૫) દૂધ ભરાયેલા કણસલાને ભૂંજીને કાઢેલા કણ (૨)
(૬) .....સહકાર, નહિ ઉધ્ધાર (૨)
(૭) એક સૂકો મેવો (૨)
(૧૦) ઘણુ પહોળુ લાકડાનું અથવા પતરાનું એક વિલાયતી વાસણ (૨)
(૧૨)મરનારની મિલકતનો હકદાર (૩)
(૧૪) ચાતુરી, ખૂબી (૪)
(૧૬) ખલાસી, વહાણ ચલાવનારો (૩)
(૧૮) નવા પાણીનું નદી-નાળામાં જોસબંધ આવવુ તે (૨)
(૧૯) રોષ, ગુસ્સો (૨)
(૨૧) કચાશ, અપૂર્ણતા (૩)
(૨૪) અનૂકૂળ વખત-પ્રસંગ, લાગ (૨)
(૨૬) આયુષ્ય, જીંદગી (૩)
(૨૮) આગબોટ વિમાનનો હાકડુ કે સુકાની કે દોરી લાવનાર (૪)
(૩૦) તાત્પર્ય, અભિપ્રાય (૨)
(૩૧) આનંદ ખાતર કરેલી મશ્કરી મજાક-તોફાન (૩)
(૩૨) શરીર, દેહ (૨)

**ઉભી ચાવી :**
(૧) પ્રથમ ગ્રાસે.... (૩)
(૨) દોસ્ત, મિત્ર (૨)
(૩) ઘડિયાળનો અવાજ (૪)
(૪) સૂર્ય (૨)
(૮) એક અનાજ (૩)
(૯) ખભે નાખવાનું એક વસ્ત્ર (૨)
(૧૧) સમાનતા (૪)
(૧૩) ગોળની ચાકી (૨)
(૧૫) કાંઠો, કિનારો ..... (૨)
(૧૬) સૂકવેલુ ખજૂર (૩)
(૧૭) એકદમ, ઝટ (૩)
(૨૦) સવડ, સોઈ (૪)
(૨૨) જીવવાળુ, જીવતુ (૩)
(૨૩) અવાજ (૨)
(૨૫) ભમરની ઉપરનો અને માથાના વાળની નીચેનો મોઢાનો ભાગ (૩)
(૨૭) અભિનેત્રી, હીરોઈન (૨)
(૨૯) એક અંગ્રેજી તોલ (૨)

## શબ્દ સંજોગ-૨૧૮ જવાબ

**આડી ચાવી:** (૧) ઈકબાલ (૪) ઈજાર (૭) તમાલ (૯) નગર (૧૧) રાવલ (૧૩) ડગ (૧૫) રદ (૧૬) ઈતર (૧૮) નઈ (૨૦) સજીવ (૨૨) જાદુ (૨૩) સમાપ્ત (૨૪) ઈજારો (૨૬) ઈરાન (૨૮) નવસ (૨૯) ઈશા (૩૦) ઈકબાલ (૩૧) કરો .**ઉભી ચાવી:** (૧) ઈકરાર (૨) બાતલ (૩) લમા(માલ) (૫) જાન (૬) રગ (૮) લડત (૧૦) રત્ન (૧૨) વદન (૧૪) ગર (૧૭) ઈજીપ્ત (૧૯) ઈજારો (૨૦) સમાન (૨૧) વાઈ (૨૩) સરાસર (૨૫) જાવક (૨૬) ઈવ (૨૭) ઈશારો (૨૮) નલ (૨૯) ઈક.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજયમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને શોધી ડીપોર્ટ કરાશે : ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવી

સુરત તા.૧૮

ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધી કાઢી તેમને ડિપોર્ટ કરવા માટે રાજ્ય સરકારે કમર કસી છે. સુરતમાં આ મુદ્દે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મોટું નિવેદન આપ્યું છે, જેના પગલે સમગ્ર ગુજરાતમાં પોલીસનું સર્ચ ઓપરેશન અત્યંત તેજ કરી દેવામાં આવ્યું છે. રાજ્યની સુરક્ષા અને શાંતિ સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં નહીં આવે તેવો સ્પષ્ટ સંદેશ સરકાર દ્વારા આપવામાં આવ્યો છે.આ આખી કાર્યવાહી કોઈ સામાન્ય તપાસ નથી, પરંતુ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઓપરેશન હેઠળ ચાલી રહેલું એક મોટું સુરક્ષા અભિયાન છે. આ સંયુક્ત ઓપરેશનનો મુખ્ય હેતુ રાજ્યમાં ગેરકાયદેસર રીતે ઘૂસી આવેલા તત્વો પર લગામ કસવાનો અને તેમને કાયદાકીય પ્રક્રિયા દ્વારા પોતાના દેશમાં પરત મોકલવાનો



છે. પોલીસ તંત્ર હાલમાં શંકાસ્પદ વિસ્તારો અને લોકો પર કડક નજર રાખી રહ્યું છે.ઘૂસણખોરી પર કાયમી રોક લગાવવા માટે સરકારે ટેકનોલોજીનો આશરો લીધો છે રાજ્યમાં વસતા અન્ય નાગરિકો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન અને માહિતીની ચકાસણી ફરજિયાત કરવામાં આવી છે. પોર્ટલ પર અપલોડ કરવામાં આવેલી તમામ વિગતોનું પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ પોતાની ઓળખ કે રહેઠાણ અંગે ખોટી માહિતી આપશે, તો તેની સામે કાયદાના દાયરામાં રહીને કડકમાં કડક પગલાં ભરવામાં આવશે.

# બાબાપુર ગામ વિકાસના વચનો વચ્ચે સુવિધાઓનો અભાવ, ગ્રામજનોમાં ભારે રોષ

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લાના બાબાપુર ગામમાં વિકાસના દાવાઓ વચ્ચે મૂળભૂત સુવિધાઓનો અભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. ગામના લોકો હાલમાં રસ્તા, ગંદકી અને પાણી જેવી પ્રાથમિક સમસ્યાઓથી ભારે પરેશાન બની ગયા છે. અનેક રજૂઆતો છતાં સમસ્યાઓનો કાયમી ઉકેલ ન આવતા ગ્રામજનોમાં તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે.

ગામમાં RCC રોડ બનાવવા માટે મુખ્ય રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે, પરંતુ લાંબા સમયથી કામ શરૂ ન થતાં ગ્રામજનો મુશ્કેલીમાં



મુકાયા છે. ખોદકામ બાદ રસ્તાઓ ધૂળિયા અને જોખમી બની ગયા છે. શાળા જતા બાળકો, વૃધ્ધો અને વાહનચાલકોને દૈનિક અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે વારંવાર રજૂઆત કરવા છતાં જવાબદાર વિભાગો દ્વારા માત્ર આશ્વાસન આપવામાં આવે છે, પરંતુ સ્થળ પર કોઈ અસરકારક કામગીરી જોવા મળતી નથી. ગ્રામજનોએ તાત્કાલિક સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા તંત્ર સમક્ષ કડક માંગ ઉઠાવી છે.

# અમદાવાદમાં ઘરેલું હિંસાનો ભોગ બનેલી બે પરિણિતાની આત્મહત્યા

અમદાવાદ,તા.૧૮

અમદાવાદના કૃષ્ણનગરની શ્યામલ પાર્ક સોસાયટીમાં પતિના શારીરિક-માનસિક ત્રાસથી કંટાળીને એક પરિણિતાએ આત્મહત્યા કરી છે. નેપાળથી આવેલા મૃતકના પિતાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આવો જ બીજો બનાવ નારોલ વિસ્તારમાં બન્યો હતો, જ્યાં શંકાશીલ પતિના ત્રાસથી કંટાળીને છાયા નામની મહિલાએ ગેલેરીમાંથી પડતું મૂકી જીવન ટૂંકાવ્યું હતું. પ્રેમલગ્નના એક જ મહિના બાદ પતિ જગદીશ રાઠોડ કપડાં અને મોબાઈલ બાબતે શંકા રાખી મારઝૂડ કરતો હતો. દિવાળીમાં પિયર આવવા બદલ પતિએ માર મારી, ફોન પર છૂટાછેડાની ધમકી આપી હતી. ભાઈ અને પરિવારજનો જ્યારે સમજાવવા ગયા ત્યારે પણ પતિ મારવા દોડતા, કંટાળીને પરિણિતાએ ગેલેરીમાંથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. નારોલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# દિયોદરના સોની ગામે પ્રેમીપંખીડાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર

પાલનપુર,તા.૧૮

વાવ-થરાદ વિસ્તારના દિયોદર તાલુકાના સોની ગામની સીમમાં એક વૃક્ષ પરથી યુવક અને યુવતીના મૃતદેહ લટકતી હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને બંનેના મૃતદેહોને કબજે કરીને ફોરેન્સિક પીએમ અર્થે મોકલી આપ્યા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ આ પ્રેમ પ્રકરણમાં આત્મહત્યાનો મામલો હોવાનું મનાઈ રહ્યું છે. પરિવારજનોએ લગ્ન માટે મંજૂરી ન આપતા




બંનેએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાની આશંકા છે.

પોલીસે ઘટનાસ્થળેથી બંનેના મોબાઈલ ફોન કબજે કર્યા છે અને હાલ તેમના સગા-સંબંધીઓની શોધખોળ આદરી છે. જોકે, સ્થળ પરથી કોઈ સુસાઈડ નોટ ન મળતા આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. પોલીસ આ મામલે આત્મહત્યાની સાથે-સાથે હત્યા કરીને લટકાવી દીધા હોવાના એન્ગલ સહિત તમામ દિશાઓમાં ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે.

# અમદાવાદના નિકોલ જ્વેલર્સ ચોરી કેસમાં સેલ્સ ગર્લ અને પ્રેમીની ધરપકડ

અમદાવાદ,તા.૧૮

અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલી જ્વેલર્સની દુકાનમાંથી રૂ.૧.૬૬ કરોડના દાગીનાની ચોરી કરનાર સેલ્સ ગર્લ હર્ષિદા શેટ્ટી અને તેના પ્રેમીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.

સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ એનાલિસિસના આધારે પોલીસે આ સફળતા મેળવી છે. ચોરી કર્યા બાદ બંને આરોપીઓ દિલ્હી અને ઋષિકેશ ભાગી ગયા હતા. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે બંનેએ પૂર્વ આયોજિત કાવતરું ઘડીને દાગીના અલગ-અલગ જગ્યાએ છુપાવ્યા હતા.

દુકાનના હિસાબમાં ગડબડ જણાતા માલિકે ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ચોરાયેલા દાગીના પરત મેળવવા તપાસ તેજ કરી છે.

# ઉનામાં યોજાયેલા પ્લાસ્ટિક સર્જરી કેમ્પમાં જરૂરીયાતમંદ દર્દીઓએ લાભ લીધો

ઉના,તા.૧૮

ઉનાના કેસર બાગમાં સદવિચાર ટ્રસ્ટ, દોશી સ્માઈલ અને ઈંગા હેલ્થ ફાઉન્ડેશન દ્વારા જન્મજાત ખોડખાપણ ધરાવતા દર્દીઓ માટે મફત પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું સરાહનીય આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અમદાવાદના જાણીતા તબીબ ડો. રિષભ શાહે પોતાની નિઃશુલ્ક સેવાઓ



તસવીર : કૈલાશ ભટ્ટ

આપી હતી. કેમ્પ દરમિયાન ફાટેલા હોઠ, ફાટેલા તાળવા, વાંકાચૂકા દાંત અને નાક-કાનની જન્મજાત ખામીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. ઉના અને આસપાસના વિસ્તારના અનેક ગરીબ દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો. જે દર્દીઓને સર્જરીની જરૂર હતી, તેમને અમદાવાદ ખાતે વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવ્યું હતું. મંગળદાસભાઈ ગાંધી અને ડો. સોમિલ દવે સહિતના સભ્યોએ આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# ઉનાના રાજપરાથી દ્વારકા નવી એસટી બસ સેવાનો પ્રારંભ

ઉના,તા.૧૮

ઉનાના રાજપરા બંદરના દરિયા કિનારે વસતા હજારો માછીમારો અને સ્થાનિક નાગરિકોની છેલ્લા ૧૨ વર્ષ જૂની માગણી આખરે પૂર્ણ થઈ છે. રાજપરાથી ઓખા-દ્વારકા રૂટની નવી એસટી બસ સેવાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૪થી રાજપરા ગ્રામ પંચાયતના યુવા સરપંચ




ભરતકુમાર વાઘજીભાઈ કામળિયા દ્વારા જિલ્લા વહીવટી તંત્ર અને એસટી નિગમ સમક્ષ આ અંગે સતત રજૂઆતો કરવામાં આવી રહી હતી. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના સક્રિય પ્રયાસોના પરિણામે આ રૂટને મંજૂરી મળતા, જિલ્લા પંચાયત સદસ્ય ભાવેશભાઈ ઉપાધ્યાયના હસ્તે લીલી ઝંડી આપી બસને પ્રસ્થાન કરાવાયું હતું. આ નવી સુવિધાથી માછીમારો અને યાત્રાળુઓ માટે દ્વારકા સુધીની મુસાફરી અત્યંત સરળ બનશે. આ પ્રસંગે સ્થાનિક તાલુકા પંચાયતના વિવિધ પ્રતિનિધિઓ અને અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર-ઉના હાઈવે પર ટ્રક ખેતરમાં ખાબક્યો, મહામુસીબતે બહાર નિકળ્યો

કોડીનાર,તા.૧૮

કોડીનાર-ઉના હાઈવે પર દેવળી ગામ નજીક બોક્સાઈડ ભરેલો એક ટ્રક અકસ્માતે રોડની બાજુના ખેતરમાં ખાબક્યો હતો. ટ્રકનું ટાયર પંક્ચર થતાં ચાલકે તેને સાંધવા માટે યુ-ટર્ન લીધો હતો. ત્યારબાદ પંક્ચરની દુકાન પાસે વાહનને રિવર્સ લેતી વખતે ચાલકે અચાનક કાબુ ગુમાવી દીધો હતો. કાબુ ગુમાવતા જ ભારેભરખમ ટ્રકનો પાછળનો



ભાગ હાઈવેને અડીને આવેલા નીચાણવાળા ખેતરમાં ઉતરી ગયો હતો, જેના કારણે ટ્રકનો આગળનો ભાગ હવામાં અધ્ધર લટકી ગયો હતો. આ વિચિત્ર અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટ્યા હતા. અકસ્માત બાદ અન્ય ટ્રકની મદદથી આ વાહનને બહાર કાઢવાના પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, ટ્રકમાં અંદાજે ૩૦ ટન જેટલો બોક્સાઈડનો ભારે જથ્થો ભરેલો હોવાથી તેને બહાર ખેંચવામાં ભારે મુશ્કેલી નડી રહી છે. આથી, હાલમાં સૌપ્રથમ ટ્રકમાં રહેલો બોક્સાઈડનો તમામ જથ્થો ખાલી કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# અમરેલીના કેરીયાચાડ ગામે વિશ્વ ડેન્ગ્યૂ દિવસે લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૮

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકિયા દ્વારા અમરેલીના કેરિયાચાડ ગામે વિશ્વ ડેન્ગ્યુ દિવસ નિમિત્તે લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ અંતર્ગત આરોગ્ય કર્મચારી એસ.આર. કકાણીએ ગ્રામજનોને મચ્છરજન્ય રોગોથી બચવા અને પાણી ભરાઈ ન રહે તે માટે માર્ગદર્શન આપ્યું હતું. લોકોને 'દર રવિવારે ૧૦ મિનિટ - મચ્છર સામે જીત' અભિયાન હેઠળ પાણીની ટાંકી, કુલર અને ટાયર સાફ રાખવા અપીલ કરાઈ



હતી. કાર્યક્રમમાં ડેન્ગ્યુના લક્ષણો જેમ કે તાવ, માથાનો દુખાવો અને થાક વિશે માહિતી આપી નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા જણાવાયું હતું.

# ધોરાજીના ફરેણી ગામે ગેરકાયદેસર ખનન પર તંત્ર ત્રાટક્યુ

ધોરાજી,તા.૧૮

ધોરાજી અને ઉપલેટા પંથકમાં લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદેસર ખનીજ ચોરી સામે સ્થાનિક તંત્રએ આખરે લાલ આંખ કરી છે. તાજેતરમાં જ ધોરાજીના ફરેણી ગામ નજીક આવેલા મામાદેવ મંદિર પાસેના તળાવમાંથી કોઈ પણ પ્રકારના રોયલ્ટી પાસ, જરૂરી દસ્તાવેજો કે સત્તાવાર આધાર-પુરાવા વિના ગેરકાયદેસર રીતે મોરમ અને માટીનું ખનન થતું હોવાનું મામલતદાર અને તેમની કચેરીના સ્ટાફના પેટ્રોલીંગ દરમિયાન ધ્યાને આવ્યું હતું. તંત્રએ તાત્કાલિક કાર્યવાહી કરીને ઘટનાસ્થળેથી ખનીજ ચોરીમાં વપરાતા જેસીબી મશીન અને ટ્રેક્ટર સહિત આશરે



તસવીર : નયન કુહાડીયા

૧૯,૧૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ રંગેહાથ ઝડપી પાડીને તેને સીઝ કર્યો હતો અને આગળની કાર્યવાહી માટે ધોરાજી તાલુકા પોલીસને સોંપ્યો હતો.આ વિસ્તારમાં ભાદર નદીમાંથી રેતી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી માટી અને મોરમની ચોરી થવી એ કોઈ નવી વાત નથી. અગાઉના અધિકારીઓએ કરોડો રૂપિયાની ખનીજ ચોરી પકડી પાડી હતી, પરંતુ તેમની બદલી પછી આ પ્રવૃત્તિઓ ફરી બેફામ બની હતી. લાંબા સમયના વિરામ બાદ નવનિયુક્ત મામલતદારે આ મોટી કાર્યવાહી કરતા સ્થાનિક લોકોમાં તંત્રની કામગીરીની સરાહના થઈ રહી છે.

## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૧૬/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

વિવાદી- શ્રી ચંપાબેન નારણભાઈ કુંભાણી
મુ.મોટા આંકડીયા, તા.જિ.અમરેલી
મો.૯૯૭૮૭૮૪૧૭૯

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી, અમરાપરા
અમરાપરા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના અમરાપરા ગામના રહીશ આ કામના અરજદારશ્રી ચંપાબેન નારણભાઈ કુંભાણીનો જન્મ તા.૦૫/૦૫/૧૯૫૫ ના રોજ મોજે-અમરાપરા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૩/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૩૦/૦૫/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા/તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

## શ્રી SMC મિતિયાળા પ્રાથમિક શાળા - તા.જાફરાબાદ જી.અમરેલી

**જાહેર હરરાજી**

આથી જાહેર કરવામાં આવે છે કે શ્રી મિતિયાળા પ્રા. શાળા તા.જાફરાબાદ જી.અમરેલી ખાતે આવેલ સ્લેબવાળા ૦૩ રૂમ તથા ૦૧ સેનિટેશન બ્લોક જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં તેના ઈમલાની જાહેર હરરાજી તા.૨૫/૦૫/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે શાળા ખાતે રાખેલ છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ પથ્થર, બારીઓ અને દરવાજા ખસેડીને સ્લેબવાળા રૂમોના ભોય તળિયા સુધી ચોખ્ખુ કરવાની જવાબદારી સ્વીકારવાની રહેશે. હરરાજીમાં ભાગ લેનારે રૂ. ૭૦૦૦/- પુરા ડીપોઝીટ પેટે હરરાજીની તારીખે સ્થળ ઉપર ભરવાના રહેશે. બાકીની અન્ય શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. જે હરરાજીમાં ભાગ લેનાર તમામે માન્ય રાખવાની રહેશે.

નોંધ : ઈમલાની અપસેટ કિંમત રૂ.૮૦૦૦૦/- રાખેલ છે.

શ્રી SMC મિતિયાળા પ્રાથમિક શાળા - તા.જાફરાબાદ જી.અમરેલી
તારીખ : ૨૫/૦૫/૨૦૨૬ (સોમવાર) સમય : ૧૦:૩૦ કલાકે

અધ્યક્ષ/આચાર્ય
SMC મિતિયાળા પ્રા. શાળા
તા.જાફરાબાદ જી.અમરેલી-૩૬૫૫૪૦

## શ્રી ચાવંડ કન્યા પ્રાથમિક શાળા, ચાવંડ

તા.લાઠી, જિ.અમરેલી

**-:: જાહેર હરરાજી (બીજો પ્રયત્ન) ::-**

શ્રી ચાવંડ કન્યા પ્રાથમિક શાળા ચાવંડ તા.લાઠી, જિ.અમરેલીના ૦૪ (ચાર) જર્જરિત નળિયાવાળા ઓરડાઓનાં ઉભા ઈમલાની જાહેર હરરાજી (બીજો પ્રયત્ન) તા. ૨૨-૦૫-૨૦૨૬ને શુક્રવાર ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે થી ચાવંડ કન્યા પ્રાથમિક શાળા, ચાવંડ, તા.લાઠી, જિ. અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા વ્યકિત કે પાર્ટીએ સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. ૦૪ (ચાર) જર્જરિત નળિયાવાળા ઓરડાઓની અપસેટ કિંમત રૂા. ૮૫,૦૦૦/- (અંકે રૂપિયા પંચાસી હજાર પૂરા) છે. માલસામાન લઈ જઈ તળીયું સાફ, સમથળ કરી આપવાનું રહેશે. હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટની રકમ રૂા. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ભરવાની રહેશે. અને ઓળખના ડોક્યુમેન્ટ ઓરીજલ અને ઝેરોક્ષ સાથે રાખવા ફરજીયાત છે. હરરાજીની શરતો અને બોલીઓ હરરાજીનાં દિવસે રૂબરૂ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

આચાર્યશ્રી
શ્રી ચાવંડ કન્યા પ્રાથમિક શાળા,
તા.લાઠી, જી. અમરેલી

અધ્યક્ષશ્રી
એસ.એમ.સી.
શ્રી ચાવંડ કન્યા પ્રાથમિક શાળા,

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૦/૨૦૨૬ તા.૧૫/૦૫/૨૦૨૬

શ્રી વનીતાબેન મોહનલાલ કણઝારીયા વા.ઓ. નરશીભાઈ મોહનભાઈ નકુમ
રહે.બગસરા, ગોકુલધામ-૨, મેધાણી હાઈસ્કુલ પાછળ,
કુકાવાવ રોડ, તા.બગસરા, જી.અમરેલી ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ચાંપરડા, તા.વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી વનીતાબેન મોહનલાલ કણઝારીયા વા.ઓ. નરશીભાઈ મોહનભાઈ નકુમ રહે. બગસરા, તા.બગસરા, જી.અમરેલીએ તેમનો જન્મ તા.૦૪/૦૫/૧૯૬૫ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ચાંપરડા, વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ચાંપરડા, વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૫ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

# યુપીમાં બે ભયાનક માર્ગ અકસ્માતોમાં ૧ ૨ લોકોના મોત



લખનૌ,તા.૧૮

ઉત્તર પ્રદેશમાં સોમવારે બે અલગ-અલગ વિસ્તારોમાં સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતોમાં કુલ ૧૨ લોકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પ્રથમ અકસ્માત લખીમપુર ખેરી જિલ્લામાં હાઈવે પર મેજિક વાન અને ટ્રક વચ્ચેની જોરદાર ટક્કરને કારણે થયો હતો, જેમાં આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે બીજો અકસ્માત બહરાઈચ જિલ્લામાં સર્જાયો હતો, જ્યાં પુરપાટ ઝડપે જતી કાર અને કમ્બાઈન હાર્વેસ્ટર વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં ચાર લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. બંને અકસ્માતમાં ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની જિલ્લા હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. સોમવારે વહેલી સવારે લખીમપુર ખેરી જિલ્લાના ધૌરાહરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. પ્રાપ્ત અહેવાલો અને ધૌરાહરાના સીઓ શમશેર બહાદુર સિંહના જણાવ્યા અનુસાર, આ ભયાનક અકસ્માત સિસૈયા-લખીમપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૭૩૦ (**NH-730**) પર સર્જાયો હતો. ઈસાનગર અને ધૌરાહરા પોલીસ સ્ટેશન વિસ્તારની સરહદ પર આવેલા ઊંચગાંવ અને ભરેહતા ગામોની વચ્ચે બે વાહનો સામસામે અથડાયા હતા.

લખીમપુરથી પેસેન્જરો ભરીને સિસૈયા તરફ જઈ રહેલી એક ટાટા મેજિક વાન, સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે મેજિક વાનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં વાનમાં સવાર આઠ લોકોના કરુણ મોત નીપજ્યા હતા, જેના કારણે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઉપરાંત, બે અન્ય મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ગ્રામીણોની મદદથી ઘાયલોને વાનમાંથી બહાર કાઢી તાત્કાલિક લખીમપુર જિલ્લા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે તમામ મૃતકોના શવને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશના જ બહરાઈચ જિલ્લામાં પણ એક અન્ય દુઃખદ માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં ચાર લોકોના કાળમુખા અકસ્માતમાં મોત થયા છે. બહરાઈચના પોલીસ અધિક્ષક (એસપી) વિશ્વજીત શ્રીવાસ્તવે અકસ્માતની સત્તાવાર વિગતો આપતા જણાવ્યું હતું કે, પોલીસ તંત્રને હાઈવે પર કાર અકસ્માત અંગેની માહિતી મળી હતી. એક તેજ ગતિએ દોડતી કાર નાનપરાથી બહરાઈચ તરફ જઈ રહી હતી. તે દરમિયાન અચાનક રસ્તાની બાજુમાંથી એક મોટું કમ્બાઈન હાર્વેસ્ટર મુખ્ય માર્ગ પર આવી ગયું હતું. કારની ગતિ વધારે હોવાના કારણે ચાલક વાહન પરથી નિયંત્રણ ગુમાવી બેઠો હતો અને કાર સીધી હાર્વેસ્ટર સાથે ધડાકાભેર ભટકાઈ હતી. આ ભીષણ અકસ્માતમાં કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ શ્વાસ રૂંધાઈ ગયા હતા અને તેઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ ઘટનામાં અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માતનો ભોગ બનેલા અને મૃત્યુ પામેલા તમામ લોકો બહરાઈચના જ સ્થાનિક રહીશો હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે બહરાઈચની જિલ્લા હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરોની ટીમ દ્વારા તેમની સઘન સારવાર કરવામાં આવી રહી છે.

## પ.બંગાળમાં ૧ જૂનથી મહિલાઓને મહિને રૂ.૩,૦૦૦ની સહાય ચુકવાશે

કોલકતા તા.૧૮

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની અધ્યક્ષતામાં સોમવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં પ્રજાલક્ષી અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. કેબિનેટ બેઠક બાદ રાજ્યના મંત્રી અગ્નિમિત્રા પોલે જાહેરાત કરી હતી કે, રાજ્ય સરકાર દ્વારા 'અન્નપૂર્ણા યોજના'ને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ રાજ્યની મહિલાઓને ૧ જૂન, ૨૦૨૬ થી દર મહિને રૂ.૩,૦૦૦ ની નાણાકીય સહાય આપવામાં આવશે.

આ ઉપરાંત, ૧ જૂનથી મહિલાઓ માટે સરકારી બસોમાં મફત મુસાફરીની પણ મંજૂરી અપાઈ છે. સરકારે તેના કર્મચારીઓ માટે સાતમા પગાર પંચની રચનાને મંજૂરી આપી છે, જ્યારે ૧ જૂનથી ધાર્મિક વર્ગીકરણના આધારે અપાતી સરકારી સહાય બંધ કરવાનો નિર્ણય કર્યો છે. સીએએ (**CAA**) હેઠળ નાગરિકતા માટે અરજી કરનારાઓને પણ અન્નપૂર્ણા યોજનાનો લાભ મળશે.

## દિલ્હી-ગોવામાં દરોડા બાદ AAP નેતા દીપક સિંગલાની ધરપકડ, ફાઈનાન્સ ગ્રુપ પર પણ ત્રાટકી ઈડી




નવી દિલ્હી, તા.૧૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા બે અલગ-અલગ કેસોમાં દિલ્હી અને ગોવા સહિત અનેક સ્થળોએ મોટા દરોડા પાડીને આમ આદમી પાર્ટી (**AAP**) ના નેતા અને ગોવાના સહ-પ્રભારી દીપક સિંગલાની ધરપકડ કરવામાં આવી છે. ઈડીએ બેંક છેતરપિંડીના કેસના સંદર્ભમાં દીપક સિંગલાના પરિસરો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જ્યારે બીજી કાર્યવાહીમાં, ઈડીએ દિલ્હીના સુભાષ નગરમાં 'બાબાજી ફાઈનાન્સ ગ્રુપ' ના રામ સિંહના પરિસર પર દરોડા પાડ્યા હતા, જેમની સામે જનતા સાથે રૂ.૧૮૦ કરોડની રોકાણ છેતરપિંડી અને ભંડોળના દુરુપયોગનો આરોપ છે.


આ ભીષણ કાર્યવાહી બાદ રાજકીય વાતાવરણ ગરમાયું છે. આમ આદમી પાર્ટીના નેતાઓ મનીષ સિસોદિયા, આતિશી અને સૌરભ ભારદ્વાજે કેન્દ્ર સરકાર પર પ્રહારો કરતા તેને કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ ગણાવ્યો છે. આપ નેતાઓએ આરોપ લગાવ્યો છે કે ચૂંટણીઓ જીતવા અને વિરોધીઓને ડરાવવા માટે ઈડી અને સીબીઆઈનો શસ્ત્ર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે.

## બંગાળમાં સત્તા પરિવર્તન બાદ TMC નેતા જહાંગીર ખાન હાઈકોર્ટના શરણે

કોલકતા, તા.૧૮

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપની પ્રચંડ બહુમતી સાથે સરકાર બન્યા બાદ, તૃણમૂલ કોંગ્રેસ (**TMC**) ના નેતા જહાંગીર ખાનનું વલણ નરમ પડ્યું છે. ફાલ્ટા બેઠકના ટીએમસી ઉમેદવાર જહાંગીર ખાને પોતાના પર થયેલી અનેક એફઆઈઆરને ખોટી ગણાવી કલકત્તા હાઈકોર્ટમાં સુરક્ષા અને કાનૂની રક્ષણ મેળવવા અરજી દાખલ કરી છે. વકીલ કિશોર દત્તાએ જસ્ટિસ સૌગત ભટ્ટાચાર્ય સમક્ષ આ મામલે તાત્કાલિક સુનાવણીની વિનંતી કરી છે. ચૂંટણી દરમિયાન 'પુષ્પા ઝૂકેગા નહીં' જેવો ફિલ્મી સંવાદ બોલીને ચર્ચામાં આવેલા જહાંગીર ખાનને મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ તાજેતરમાં ચેતવણી આપી હતી. ઉલ્લેખનીય છે કે, ચૂંટણીમાં ભાજપે ૨૦૭ બેઠકો સાથે ભવ્ય વિજય મેળવ્યો છે, જ્યારે ટીએમસી માત્ર ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ છે.

## NEET UG 2026 પરીક્ષા પધ્ધતિ બદલવા સુપ્રીમ કોર્ટમાં અરજી, ઓનલાઈન મોડમાં પરીક્ષા યોજવા માંગ



નવી દિલ્હી, તા.૧૮

પેપર લીક થવાના કારણે રદ થયેલી **NEET UG 2026** ની પરીક્ષા અંગે સુપ્રીમ કોર્ટમાં એક નવી અરજી દાખલ કરવામાં આવી છે. આરજેડી સાંસદ સુધાકર સિંહ, સામાજિક કાર્યકર્તા અનુભવ ગર્ગ, **IMA** ના પ્રવક્તા ડૉ. ધ્રુવ ચૌહાણ અને હરિશરણ દેવગણ દ્વારા વકીલ સત્યમ સિંહ રાજપૂત મારફત આ અરજી કરવામાં આવી છે. અરજીમાં આગામી ૨૧ જૂન, ૨૦૨૬ ના રોજ યોજાનારી ફરીથી પરીક્ષાને પરંપરાગત ઓફલાઈન (પેન-એન્ડ-પેપર) મોડને બદલે કમ્પ્યુટર આધારિત ટેસ્ટ (**CBT**) મોડમાં યોજવા નિર્દેશ આપવા વિનંતી કરાઈ છે.અરજીકર્તાઓએ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (**NTA**) ને નાબૂદ કરી ન્યાયિક દેખરેખ હેઠળ નવી પારદર્શક સંસ્થા સ્થાપવાની અને માળખાકીય સુધારા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાની માંગ કરી છે. આ ઉપરાંત, રાધાકૃષ્ણન સમિતિની ભલામણો લાગુ કરવા, એન્ક્રિપ્ટેડ ડિજિટલ પેપર, બાયોમેટ્રિક વેરિફિકેશન અને **AI** આધારિત દેખરેખ પ્રણાલી ફરજિયાત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

## બિહારમાં ટ્રેન ઉપડે તે પહેલા જ બોગીમાં આગ લાગતા નાસભાગ



પટના,તા.૧૮

બિહારના ભભુઆ-સાસારામ-પટના ઈન્ટરસિટી એક્સપ્રેસ (ટ્રેન નંબર ૫૩૨૧૨)માં સોમવારે સવારે અચાનક ભીષણ આગ લાગવાની દુર્ઘટના સર્જાઈ હતી. આ આગ ટ્રેનની જનરલ બોગી **D3** માં લાગી હતી, જે જોતજોતામાં ધુમાડા અને તીવ્ર જ્વાળાઓમાં ફેરવાઈ ગઈ હતી. સદ્નસીબે ઘટના સમયે ટ્રેન પ્લેટફોર્મ પર જ ઉભી હતી અને સવારે ૬.૪૫ વાગ્યે સાસારામથી ઉપડવાની તૈયારીમાં હતી. ટ્રેન ઉપડે તે પહેલાં જ કોચની અંદરથી તીવ્ર બળવાની ગંધ આવવા લાગી અને જોતજોતામાં આખી બોગીમાં કાળો ડિબાંગ ધુમાડો ભરાઈ ગયો હતો. આ ભયાનક દ્રશ્ય જોતા જ મુસાફરોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. લોકો પોતાનો કિંમતી સામાન અને બેગ પ્લેટફોર્મ પર જ છોડીને જીવ બચાવવા માટે ટ્રેનમાંથી બહાર કૂદવા લાગ્યા હતા. આ અકસ્માત બાદ રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ ટ્રેનને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે દેશમાં ટ્રેનમાં આગ લાગવાની આ સતત બીજી ઘટના છે.

## યુપીમાં રસ્તાઓ પર નમાઝ બિલકુલ સહન કરવામાં નહી આવે : યોગી



લખનૌ, તા.૧૮

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક કાર્યક્રમ દરમિયાન રસ્તાઓ પર નમાઝ પઢવા મામલે અત્યંત કડક વલણ અપનાવતા મોટું નિવેદન આપ્યું છે. સીએમ યોગીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, યુપીમાં રસ્તાઓ પર નમાઝ બિલકુલ સહન કરવામાં નહીં આવે કારણ કે રસ્તાઓ સામાન્ય નાગરિકોની અવરજવર માટે છે. તેમણે ઉમેર્યું કે, જો લોકો સંવાદ અને પ્રેમથી નહીં માને, તો સરકાર તેમની સામે કાયદાકીય રીતે બીજો કડક રસ્તો અપનાવશે. સોમવારે એક જાહેર મંચ પરથી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રસ્તાઓ બ્લોક કરીને ધાર્મિક પ્રવૃત્તિઓ કરનારાઓ પર આકરા પ્રહારો કર્યા હતા. સીએમ યોગીએ કહ્યું કે, લોકો મને પૂછે છે કે શું તમારા યુપીમાં સાચે જ રસ્તાઓ પર નમાઝ નથી થતી ?

## સેન્સેક્સ ૧,૧૦૦ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી ૨૩,૬૫૦ પર બંધ થયો

મુંબઈ, તા.૧૮

સપ્તાહની શરૂઆતમાં ભારતીય શેરબજારમાં ભારે અસ્થિરતા બાદ દિવસના બીજા ભાગમાં જોરદાર રિકવરી જોવા મળી હતી. શરૂઆતી ટ્રેડિંગમાં સેન્સેક્સ અને નિફ્ટી લગભગ ૧.૩% ઘટ્યા હતા, પરંતુ નીચલા સ્તરેથી ખરીદી નીકળતાં સેન્સેક્સ ૧,૧૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૭૫,૩૧૫.૦૪ અને નિફ્ટી ૨૩,૬૪૯.૫ પર બંધ થયો હતો. બજારના આ સુધારામાં આઈટી ક્ષેત્રે મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં ટેક મહિન્દ્રા ૩% વધ્યો હતો. ગ્લેનમાર્ક ફાર્માના શેરમાં પણ ૧૩% નો મોટો ઉછાળો નોંધાયો હતો, જ્યારે નબળા પરિણામોને કારણે ટાટા સ્ટીલ ૫% ઘટ્યો હતો. નિફ્ટીને ૨૩,૩૦૦-૨૩,૪૦૦ ના સ્તરે મળેલો મજબૂત સપોર્ટ, નીચા સ્તરે નવી ખરીદી અને અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ ઘટવાની સંભાવના જેવા વૈશ્વિક કારણોથી બજારે જોરદાર વાપસી કરી છે.

## અમરેલી જિલ્લાની ૬ નગરપાલિકાઓમાં આજે પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાશે

અમરેલી,તા.૧૮

અમરેલી સહિત જિલ્લાની સાવરકુંડલા, બગસરા, ધારી, દામનગર અને બાબરાની નગરપાલિકાઓની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો હતો. આ ભવ્ય જીત બાદ અને મતગણતરી પૂર્ણ થયાના લગભગ વીસ દિવસ જેટલો લાંબો સમય વીતી ગયા પછી, આજે મંગળવારે તમામ નગરપાલિકાઓમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે સત્તાવાર વરણી કરવામાં આવશે. ભાજપનું મોવડી મંડળ કયા મજબૂત દાવેદાર પર પસંદગીનો કળશ ઢોળે છે અને કોને સત્તાની ચાવી સોંપે છે, તેના પર સમગ્ર જિલ્લાના શહેરીજનો અને કાર્યકરો મીટ માંડીને બેઠા છે.છેલ્લા ઘણા દિવસોથી વિવિધ નગરપાલિકાઓના પ્રમુખ પદ મેળવવા માટે સ્થાનિક રાજકીય આગેવાનો અને ચૂંટાયેલા સભ્યો દ્વારા જોરદાર લોબિંગ કરવામાં આવી રહ્યું છે. પક્ષના મોવડી મંડળ સમક્ષ પોતાની દાવેદારી મજબૂત કરવા માટે નેતાઓએ એડીચોટીનું જોર લગાવ્યું છે, ત્યારે હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે કયા સ્થાનીય નેતાનું રાજકીય લોબિંગ અને વગ આખરે કામ કરી જાય છે.

## અબુ ધાબીના બરાકાહ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર ડ્રોન હુમલો થયા બાદ આગ



અબુ ધાબી, તા.૧૮

સંયુક્ત આરબ અમીરાત ના અબુ ધાબીમાં સ્થિત બરાકાહ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર ડ્રોન હુમલો થતાં અફરાતફરી મચી ગઈ છે. અબુ ધાબી મીડિયા ઓફિસના જણાવ્યા અનુસાર, આ ડ્રોન હુમલાને કારણે પરમાણુ પાવર પ્લાન્ટની આંતરિક સુરક્ષા પરિમિતિની બહાર આવેલા એક ઈલેક્ટ્રિકલ જનરેટરમાં આગ ફાટી નીકળી હતી. સુરક્ષા અધિકારીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે એક મોટી હોનારત ટળી ગઈ હતી. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. યુએઈની ફેડરલ ઓથોરિટી ફોર ન્યુક્લિયર રેગ્યુલેશને પુષ્ટિ કરી છે કે પ્લાન્ટની તમામ મહત્વપૂર્ણ સિસ્ટમો સામાન્ય રીતે કાર્યરત છે અને રેડિયોલોજીકલ સલામતી સ્તર પર કોઈ પ્રતિકૂળ અસર થઈ નથી. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે બનેલી આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અંદાજે ૨૦ બિલિયન ડોલરના ખર્ચે દક્ષિણ કોરિયાની મદદથી બનેલો આ પ્લાન્ટ અરબી દ્વીપકલ્પનો પ્રથમ અને એકમાત્ર પરમાણુ પાવર પ્લાન્ટ છે.

## મેક્સિકોમાં સશસ્ત્ર હુમલાખોરનો અંધાધૂંધ ગોળીબાર, બાળક સહિત ૧૦ લોકો માર્યા ગયા



મેક્સિકા, તા.૧૮

મેક્સિકોના પૂર્વ-મધ્ય રાજ્ય પુએબ્લાના તેહુઈટ્ઝંગો શહેરમાં રવિવારે વહેલી સવારે એક અજ્ઞાત બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કરીને ૧૦ લોકોની નિર્મમ હત્યા કરી દીધી છે. પુએબ્લાની જાહેર સુરક્ષા એજન્સીના સત્તાવાર નિવેદન અનુસાર, આ લોહિયાળ હુમલામાં જીવ ગુમાવનારાઓમાં છ પુરુષો, ત્રણ મહિલાઓ અને એક માસૂમ બાળકનો સમાવેશ થાય છે.

ફેડરલ અધિકારીઓએ આ ચકચારી કેસની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે, જોકે હજુ સુધી કોઈ શંકાસ્પદ વ્યક્તિની વિગતો બહાર આવી નથી. ઉલ્લેખનીય છે કે, મધ્ય મેક્સિકોમાં તાજેતરમાં કાર્ટેલ (ગેંગવોર) હિંસા ખૂબ જ વધી ગઈ છે, જેના કારણે અંદાજે ૮૦૦ થી ૧,૦૦૦ પરિવારોને પોતાના ઘર છોડવાની ફરજ પડી છે. ગયા મહિને યુક્રેનની રાજધાની કિવમાં પણ એક સુપરમાર્કેટમાં આવી જ હૃદયદ્રાવક ઘટના બની હતી, જ્યાં એક હુમલાખોરે લોકોને બંધક બનાવી છ વ્યક્તિઓની હત્યા કરી દીધી હતી, જેને બાદમાં સ્પેશિયલ પોલીસ ફોર્સે એન્કાઉન્ટરમાં ઠાર માર્યો હતો.

# મલેશિયાથી અમદાવાદ એરપોર્ટ પર આવેલ ૫૦ કરોડનું હેરોઈન ઝડપાયુ

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર દાણચોરીની વધતી જતી પ્રવૃત્તિઓને રોકવા માટે કસ્ટમ્સ અધિકારીઓ સંપૂર્ણપણે સાવચેત થઈ ગયા છે. ડ્રગ્સની હેરાફેરી સામે કડક કાર્યવાહીના ભાગરૂપે, કસ્ટમ્સ વિભાગે મલેશિયાના કુઆલાલંપુરથી એર એશિયાની ફ્લાઈટ દ્વારા અમદાવાદ આવેલા એક મુસાફરને ઝડપી પાડ્યો છે. આ મુસાફર પાસેથી ૯.૩૦ કિલો હેરોઈનનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં એક કિલો હેરોઈનની કિંમત આશરે રૂ. ૫ કરોડ થાય છે, જે મુજબ પકડાયેલા ૯.૩૦ કિલો જથ્થાની કુલ કિંમત અંદાજે રૂ. ૪૫થી ૫૦ કરોડ આંકવામાં આવી રહી છે. ઝડપાયેલો મુસાફર મૂળ કેરળનો વતની હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક પૂછપરછમાં ઘટસ્ફોટ થયો છે કે મલેશિયાની એક હોટેલમાં એક મહિલાએ તેને આ હેરોઈનનો જથ્થો આપ્યો હતો, જેને લઈને તે અમદાવાદથી દિલ્હી જવાનો હતો. કસ્ટમ્સ વિભાગે આ આખી સિન્ડિકેટનો પર્દાફાશ કરવા માટે આરોપીના બેંક એકાઉન્ટની વિગતોની તપાસ સહિત તમામ દિશાઓમાં ઝીણવટભરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



# રાજકોટમાં દેશી દારૂ પીવાથી બે મિત્રોના મોત થયાની આશંકા, પોલીસ તપાસ શરૂ

રાજકોટ,તા.૧૮

રાજકોટના ભગીરથ સોસાયટી વિસ્તારમાં દેશી દારૂ પીવાના કારણે મનસુખ ડાભી અને અલ્પેશ સાબરિયા નામના બે મિત્રોના મોત થતાં ચકચાર મચી ગઈ છે. ગત રોજ દારૂ પીધા બાદ બંનેની તબિયત અચાનક બગડી હતી અને સારવાર મળે તે પહેલાં જ તેમણે દમ તોડ્યો હતો. એકસાથે બે યુવકોના મોત થતાં દારૂમાં ઝેરી કેમિકલ અથવા અન્ય હાનિકારક પદાર્થની ભેળસેળ હોવાની આશંકા સેવાઈ રહી છે.





ઘટનાની ગંભીરતા જોઈને સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો દોડતી થઈ છે. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે. આ મામલે કાર્યવાહી કરતા પોલીસે ગેરકાયદે દેશી દારૂ વેચનારા એક આરોપીની ધરપકડ કરી છે અને તેની પાસેથી દારૂના નમૂના જપ્ત કર્યા છે. આ દુર્ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ છે અને ગેરકાયદે દારૂના વેચાણ સામે કડક પગલાં ભરવાની માંગ ઉઠી છે.

# આરટીઈ હેઠળ ધો. ૧મા પ્રથમ રાઉન્ડ પૂર્ણ, ૨.૪૨ લાખ અરજીઓ મળી

ગાંધીનગર,તા.૧૮


રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ધોરણ-૧માં પ્રવેશનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયો છે. આ વર્ષે કુલ ૨,૪૨,૫૦૦ અરજીઓ મળી હતી, જેમાંથી વિવિધ કારણોસર ૫૪,૫૮૮ અરજીઓ કેન્સલ થઈ છે અને ૨,૦૩૪ અરજીઓ રિજેક્ટ થઈ છે. આ ખામીઓ બાદ આખરે ૧,૮૫,૮૭૮ અરજીઓ માન્ય રાખવામાં આવી છે.

રાજ્યની અંદાજે ૯,૫૦૦ ખાનગી પ્રાથમિક શાળાઓની ૮૩,૬૮૭ બેઠકોમાંથી અત્યાર સુધીમાં ૭૩ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. પ્રથમ રાઉન્ડના અંતે હજુ પણ ૧૦,૪૯૪ બેઠકો ખાલી રહી ગઈ છે. આ ખાલી બેઠકો ભરવા માટે હવે ટૂંક સમયમાં બીજો રાઉન્ડ જાહેર કરવામાં આવશે, જેમાં બાકી રહેલા અને પ્રતીક્ષા કરતા અરજદારોને ખાનગી શાળાઓમાં નિઃશુલ્ક શિક્ષણ મેળવવાની ઉત્તમ તક મળી રહેશે.

# દીવ-નાગવા રોડ પર બે કાર વચ્ચે અકસ્માતમાં મધ્યપ્રદેશના પિતા-પુત્રના મોત, ચાર ઘાયલ

ગીર સોમનાથ,તા.૧૮

દીવના નાગવા રોડ પર રવિવારે મોડી રાત્રે સુરત અને મધ્યપ્રદેશના ગ્વાલિયરના પ્રવાસીઓની બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારી ઘટનામાં ગ્વાલિયરના રહેવાસી પૃથ્વીભાઈ વાધવાની (૫૦ વર્ષ) અને તેમના ૧૬ વર્ષના પુત્ર અનિકેતનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે. જ્યારે



પરિવારના અન્ય બે સભ્યો (પત્નિ અને ભત્રીજો) સહિત કુલ ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ પરિવાર જૂનાગઢમાં ફેક્ટરીના પ્રસંગમાં હાજરી આપી દીવ ફરીને સોમનાથ જઈ રહ્યો હતો. તે દરમિયાન સામેથી આવતી સુરત પાસિંગની કારે (GJ-16-CH-3528) તેમની કારને જોરદાર ટક્કર મારી હતી. આરટીઓ રેકોર્ડ મુજબ આ કાર સુરતના યોગી ચોક વિસ્તારના મિહિર નામના વ્યક્તિની હોવાનું બહાર આવ્યું છે. દીવ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં મહિલા ભાજપ અગ્રણીના પુત્રની હત્યા

સુરત,તા.૧૮

સુરતના ઉધના રોડ નંબર ૬ ખાતે ગત ૧૭ મેની રાત્રે અંદાજે સાડા બાર વાગ્યાની આસપાસ હત્યાની ઘટના સામે આવી છે. ધારાસભ્ય સંગીતાબેન પાટીલની નજીક ગણાતા અને પક્ષમાં સતત સક્રિય રહેતા મહિલા અગ્રણી જયશ્રીબેન દલાલના ૨૧ વર્ષીય પુત્ર જય દલાલની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકીને જાહેરમાં નિર્મમ હત્યા કરવામાં આવી છે. મૃતક જય દલાલ પોતે પણ સત્તાધારી ભાજપ સંગઠનમાં પદ ધરાવતો હતો અને ડીંડોલી વોર્ડ યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે પક્ષની જવાબદારી સક્રિયપણે સંભાળતો હતો. હત્યા થઈ તે દિવસે રાત્રે સાડા આઠ વાગ્યા સુધી જય ઘરે જ હતો, પરંતુ તેના એક મિત્રનો ફોન આવતાની સાથે જ તે મમ્મીને 'હું મોડો આવવાનો છું અને જમવાનું નથી' તેમ કહીને નીકળ્યો હતો.







# ઓનલાઈન દવાના વેચાણ સામે ગુજરાતના કેમિસ્ટો તા.૨૦મીએ હડતાલમાં જોડાશે

ગાંધીનગર,તા.૧૮

દેશભરમાં ઈ-ફાર્મસી એટલે કે ઓનલાઈન દવાઓના વેચાણનું ચલણ સતત વધી રહ્યું છે, જેના કારણે સ્થાનિક ફાર્માસિસ્ટોના રોજગાર પર મોટું સંકટ સર્જાયું છે.

આ ગંભીર પરિસ્થિતિનો સામનો કરવા માટે હવે કેમિસ્ટોએ આરપારની લડત શરૂ કરી દીધી છે. ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ દ્વારા આગામી બુધવાર, ૨૦ મેના રોજ દેશવ્યાપી બંધનું એલાન આપવામાં આવ્યું છે. આ આંદોલનને વેગ આપતાં ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કેમિસ્ટ એસોસિએશને પણ હડતાળમાં જોડાવાનો મક્કમ નિર્ણય કર્યો છે. બુધવારે ગાંધીનગર શહેર તેમજ સમગ્ર જિલ્લાભરના તમામ નાના-મોટા મેડિકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ રાખીને ચુસ્ત હડતાળ પાળવામાં આવશે. સ્થાનિક વેપારીઓનું માનવું છે કે ઓનલાઈન કંપનીઓની આક્રમક નીતિઓ પરંપરાગત દવાના વેપારીઓને પાયમાલ કરી રહી છે, તેથી આ અન્યાય સામે અવાજ ઉઠાવવો અનિવાર્ય બન્યો છે. સંગઠને તમામ સભ્યોને આ બંધને સફળ બનાવવા અને એકતા દર્શાવવા આહવાન કર્યું છે.



# જૂનાગઢ વૃધ્ધાની હત્યા પુત્રના મિત્રે જ કરી હોવાનો ખુલાસો



જૂનાગઢ,તા.૧૮

જૂનાગઢના ચિત્રકૂટ સોસાયટી વિસ્તારમાં ૫૯ વર્ષીય સુનિતાબેન રાયજાની ગળું કાપીને કરાયેલી હત્યાનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચે મૃતકના પુત્રના મિત્ર અને ભૂતપૂર્વ પાડોશી સુરેશ ઉર્ફે કાના વાઘવાણીની ધરપકડ કરી છે. શેરબજારના ફ્યુચર એન્ડ ઓપ્શન્સ (F&O) માં પોણા ચાર લાખ રૂપિયા હારી જતાં દેવામાં ડૂબેલા સુરેશે પૈસાની ઉગ્ર બોલાચાલી બાદ સુનિતાબેનની હત્યા કરી હતી.

હત્યા બાદ પરિવારની સાથે રહીને અંતિમવિધિનો સામાન લાવનાર આરોપીએ ગુનો છુપાવવા ઘણો ઢોંગ કર્યો હતો. જોકે, ઘટનાસ્થળે કિચનમાંથી મળેલી ત્રણ ચાની રકાબી અને સીસીટીવી ફૂટેજની મદદથી પોલીસનો શક તેના પર મજબૂત થયો હતો. કડક પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો છે.





